


જુલાઈ ૧૯૮૦ ✻ આત્મધર્મ ✻ [૪૪૧] વર્ષ ૩૭ અંક ૧

## ✽ જેને સર્વજ્ઞના કહેલાં તત્ત્વો બેઠા એ ભવિ જ હોય ✽

ભગવાન સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલી વીતરાગી વાણી પરંપરા ગણધરો અને મુનિઓથી ચાલી આવી છે. એ વીતરાગી વાણીમાં કહેલાં તત્ત્વોનું સ્વરૂપ વિપરીત અભિવિનેશ રહિત જેને બેઠું છે એ ભવ્ય જીવના ભવ નાશ થઈ જાય છે, એને ભવ રહે જ નહિ. ભગવાનની વાણી ભવનો ઘાત કરનારી છે, એ જેને બેસે છે એ જીવની કાલલબ્ધિ પણ પાકી ગઇ છે, એના ક્રમબદ્ધમાં પણ ભવનો ઘાત થવાનો છે. જેને ભગવાનની વાણીમાં કહેલાં તત્ત્વો બેઠાં તેને ભવિ છું કે અભવિ એવી શંકા રહે જ નહિ. તે ભવિ જ હોય અને એને એવો નિઃશંક નિર્ણય થઈ જાય કે હું ભગવાન છું. ભગવાન સ્વરૂપ છું ને અલ્પ કાળમાં ભગવાન થઈ જવાનો છું–એમ પાકો નિર્ણય આવી જાય. કેટલાક તત્ત્વોની વાતો કરે પણ અમે ભવિ છીએ કે અભવિ એની અમને ખબર ન પડે, કેવળી ભગવાન જાણે–એવી શંકામાં પડ્યા હોય તેને ભગવાનની વાણીમાં આવેલા તત્ત્વોનું સ્વરૂપ અંદરમાં બેઠું જ નથી. આહાહા! ભગવાન સર્વજ્ઞની વાણી પરંપરા મુનિઓથી ચાલી આવી છે. એમાં કહેલાં તત્ત્વો જેને અંદરમાં બેઠા તેને ભવની શંકા રહેતી નથી. તેને ભવિ છું કે અભવિ એવા પણ શંકા રહેતી નથી અને તેના ભવનો ઘાત થઈ જાય છે. આહાહા! ભગવાનની વાણી કોને કહે? એ જેને બેઠી એના ભવના ભૂક્કા થઈ જાય. —પૂજ્ય ગુરુદેવશ્રી

### અમારે તો એ જ પહેલુ ને મુખ્ય છે

દરેક ધોરણમાં મારો નંબર પહેલો જ આવતો. બધા વિષયોમાં પહેલો નંબર આવે, એક ગણિતમાં ભૂમિતિના વિષયનો રસ ન હતો તેથી તે બરાબર ન આવડતાં. એક છોકરાએ માસ્તર પાસે ચાડી ખાધી કે સાહેબ! એ તો જૈનશાળામાં ભણવા જાય છે તેથી ભૂમિતિમાં ધ્યાન આપતાં નથી, નહિતર હોશિયાર છે ને પહેલો નંબર રહેનારને કેમ ન આવડે? આમ માસ્તર પાસે ચાડી ખાતા મેં કહ્યું કે અમારે તો જૈનશાળાનો અભ્યાસ એ જ પહેલો ને મુખ્ય છે. એમાથી વખત મળે તો પછી આ ભણવાનું છે. માસ્તર કહે કે આ પહેલા ભણવું જોઈએ, મને થયું કે એ અમારે ન જોવે. એ કારણથી મન ઊઠી ગયું ને ત્યારથી છ ચોપડીથી ભણવાનું છોડી દીધું.

— પૂજ્ય ગુરુદેવ

ધાર્મિક અભ્યાસની જ જીવનમાં મુખ્યતા હોવાનો પૂજ્ય ગુરુદેવશ્રીનો આ પ્રસંગ બાળકો અને મા-બાપને પ્રેરણા અને બોધ આપે છે કે જેને ભવ–ભ્રમણના ઘોર દુઃખોથી છૂટવું હોય અને પોતાના આત્માનુ હિત કરવું હોય તેમણે જીવનમાં ધાર્મિક વિદ્યાભ્યાસની જ મુખ્યતા હોવી જોઈએ. લૌકિક અભ્યાસ ભણવા છતાં તેમાં ગૌણતા હોવી જોઈએ – જો પોતાના આત્માને ઊર્ધ્વતાના માર્ગે ચડાવવો હોય તો.

વાર્ષિક લવાજમ નવ રૂપિયા
વર્ષ ૩૭
અંક ૧
[ ૪૪૧ ]




વીર સંવત ૨૫૦૬
A.D. 1980
JULY

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## પ્રવચન–પ્રસાદ

### ❀ ભગવાન આત્મા સદા શિવમય છે, કલ્યાણમય છે ❀

હે નાથ ! તારી નયની વ્યાખ્યા ઈન્દ્રજાળ જેવી છે. ઈન્દ્રજાળ એકકોર વિસ્તારે ને બીજી કોર સંકેલે, તેમ નયની વ્યાખ્યા એકકોર વિસ્તારે ને એકકોર સંકેલી લે કે અંદર જા. આ આત્મા પ્રગટપણે સદા શિવમય છે. શક્તિ અપેક્ષા શિવમય છે જ પણ પ્રગટપણે સદા શિવમય છે. વિશેષ મહિમા કરીને કહેતા નથી પણ વસ્તુ સ્વરૂપ જ એવું છે. સદાશિવમય છે. સદા કલ્યાણ સ્વરૂપ છે. આ વાત વિશ્વાસમાં લીધા પછી તેને સમકિત થાય.

ભગવાન આત્મા સદા શિવમય છે એટલે કે ત્રિકાળ કલ્યાણમય છે, ત્રિકાળ કલ્યાણમૂર્તિ પ્રભુ છે. વસ્તુ સદા કલ્યાણમય છે. પોતે સદા શિવમય નિજ પરમાત્મસ્વરૂપ છે. એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. અમૃતનો સાગર એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનની પંક્તિ–ધ્યાનની પર્યાય હોવાનું પણ પરમ શુદ્ધનય કહેતો નથી.

ભગવાન તું બીજું તો ભૂલી જા, પણ ધ્યાન કરવું ને ધ્યાનની ધારા વધવી એવી પર્યાયની વાત પણ પરમાત્મતત્ત્વને વિષે નથી. સદા કલ્યાણમય ધ્રુવતત્ત્વમાં ધ્યાન ને ધ્યાનના

ભેદો નથી અતીન્દ્રિય આનંદનો અનુભવ જે વધતો વધતો કેવળજ્ઞાન લ્યે એવી ધ્યાનની ધારા પણ ધ્રુવતત્ત્વને વિષે હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. રાગ, કર્મ કે શરીરની શું વાત કરવી? પણ જે ધર્મધ્યાન, નિર્મળદશા એ પણ ત્રિકાળી સ્વભાવમાં નથી.

વસ્તુ જે આત્મા છે તે નિરંતર કલ્યાણમય, નિરંતર આનંદમય, નિરંતર પ્રભુમય, નિરંતર અખંડ વીર્યમય પરમાત્મતત્ત્વ છે, એવા પરમાત્મતત્ત્વ ભગવાન આત્માને વિષે ધ્યાનની પર્યાય હોવાનું કહેતા પણ લજ્જા આવે છે! એમાં દયા-દાન આદિના પરિણામ છે એ વાત તો ક્યાં રહી? પણ ધ્યાનના પરિણામ હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. શુદ્ધનય તો એમ કહે છે કે સદા શિવમય પરમાત્મતત્ત્વ છે.

પરમ સત્તા ત્રિકાળ ધ્રુવ તેમાં ધ્યાનની પર્યાય હોવાનું શુદ્ધનય કહેતો નથી. નિશ્ચય ધર્મધ્યાન ને શુક્લધ્યાન છે એમ માત્ર વ્યવહારમાર્ગે કહ્યા છે. પર્યાયના ભેદો તો વ્યવહાર માર્ગે કહ્યા છે. પૂર્ણાનંદનો નાથ નિરંતર રહેનારો તે નિશ્ચય છે ને નિરંતર નહીં રહેનારી પર્યાય-ધર્મધ્યાનની શુદ્ધતાની પર્યાય તે વ્યવહાર છે. શુદ્ધનય ત્રિકાળીમાં ધ્યાનાવલીને હોવાનું કહેતો નથી. વ્યવહારનય 'ધ્યાનાવલી છે' તેમ કહે છે, પરંતુ પૂર્ણાનંદની પર્યાય હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. માત્ર વ્યવહારમાર્ગે પર્યાય હોવાનું કહ્યું છે.

હે જિનેન્દ્ર! એકકોર ધ્યાન હોવાનું શુદ્ધનય કહેતો નથી ને એકકોર ધ્યાનની પર્યાયને હોવાનું વ્યવહારમાર્ગે કહેલ છે. આવું તત્ત્વ મહા ઈન્દ્રજાળ જેવું છે. પર્યાયની વાત કરતાં વિસ્તાર પામે ને દ્રવ્યની વાત કરતાં સંકેલાતું જાય આવું તે તત્ત્વ ઈન્દ્રજાળ જેવું છે. [-શ્રી નિયમસાર કલશ-૧૧૯]

## * જ્ઞાનથી શોભિત પરમાત્મતત્ત્વમાં ધ્યાનાવલી કઈ રીતે ઊપજી? *

સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું જે પરમાત્મતત્ત્વ તેમાં દયા-દાન આદિના વિકલ્પોનો સમૂહ નથી. આવા આત્માને અંદર ઓળખવો, ઓળખીને શ્રદ્ધા કરવી તેનું નામ ધર્મ છે. સમસ્ત વિકલ્પો એટલે કે દયા-દાન આદિનો રાગ કે ગુણ-ગુણીના ભેદનો રાગ જ્ઞાનથી શોભતા આત્મતત્ત્વમાં નથી.

પરમાત્મતત્ત્વ જ્ઞાનથી શોભાવાળું છે, તે દયા-દાન આદિ રાગથી પમાય એવું નથી. એ પરમાત્મતત્ત્વમાં સમસ્ત વિકલ્પો તો નથી પણ વ્યવહારનય આદિ સર્વનય સંબંધી આ પ્રપંચ પણ તેમાં નથી. જ્યારે આ નથી તો ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી? આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુમાં ધ્યાનની પર્યાય ક્યાં છે?

ભગવત્ સ્વરૂપમાં જગત તરફના વિકલ્પોનો સમૂહ તો નથી, નયસમૂહના રાગનો પ્રપંચ પણ નથી, ત્યારે ધ્યાનની શ્રેણીની ધારા-શુદ્ધિની ધારા તેમાં ક્યાં છે? એ તો જ્ઞાનાનંદથી શોભિત તત્ત્વ છે, તેમાં નિર્મળ ધ્યાનધારાની શ્રેણી પણ ક્યાં છે? ચૈતન્યની શોભા જ્ઞાન ને આનંદથી છે, જ્ઞાયકસ્વભાવી છે, એવા પરમાત્મતત્ત્વમાં પરસંબંધી જેટલા વિકલ્પો ઊઠે, આત્મસંબંધી પણ જે વિકલ્પો ઊઠે તે તો નથી પણ શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરનારી શુદ્ધતાની ધારા પણ સ્વરૂપમાં ક્યાં છે? ધ્યાનની ધારા તો વ્યવહારનો વિષય છે, સમ્યગ્દર્શનનો વિષય નથી.

ધ્યાનની ધારાની પરિણતિ પણ તારામાં નથી, ત્યાં દૃષ્ટિ ન કર! વસ્તુ જે ધ્યેયરૂપ છે તેમાં ધ્યાનની ધારા પણ નથી. જેનો અલંકાર—આભૂષણ જ્ઞાન ને આનંદ છે, એવા પરમાત્મતત્ત્વમાં વિકલ્પસમૂહ તો નથી પણ ધ્યાનાવલી-ધ્યાનની શ્રેણી પણ તેમાં નથી.

શાશ્વત સચ્ચિદાનંદ જ્ઞાનાનંદથી શોભિત ધ્રુવતત્ત્વમાં વિકલ્પોનો તો અવકાશ નથી પણ ધ્યાનાવલી પણ તેનાથી બહાર રહે છે, તેનો પણ તેમાં પ્રવેશ નથી. વિકલ્પ તો રાગ છે, દુઃખ છે પણ મોક્ષનો માર્ગ છે તે સુખ છે, તે પણ દૃષ્ટિના વિષયભૂત વસ્તુમાં નથી. એ વસ્તુમાં ધ્યાનાવલીની પર્યાય આવી ક્યાંથી? જે પર્યાયમાં વસ્તુ જણાય છે એ પર્યાય પણ વસ્તુમાં નથી.

સ્ત્રી-કુટુમ્બ-પૈસો-આબરૂ-મકાન એ તો એની પર્યાયમાં પણ નથી પણ એની પર્યાયમાં એ સંબંધી જે રાગ છે એ પરમાત્મતત્ત્વમાં નથી. પરસંબંધી વિકલ્પ તો તેમાં નથી પણ સ્વસંબંધી ગુણ-ગુણીના ભેદોનો વિકલ્પ, નિશ્ચય-વ્યવહારનય સંબંધી વિકલ્પો પણ તારામાં નથી. એ તો નથી પણ પર્યાયમાં ધ્યાનની ધારા છે કે જે શુદ્ધ શુદ્ધ શુદ્ધ એમ વધતી જ જાય છે એ ધ્યાનાવલી પણ તારામાં નથી, એવો મહા પ્રભુ તું છો—એની દૃષ્ટિ થવી તે ધર્મ છે.

[ -શ્રી નિયમસાર, કલશ-૧૨૦ ]

### ✻ અરેરે! ખેદ છે કે ત્રિકાળી જ્ઞાયકને જીવે પૂર્વે કદી સાંભળ્યો-આચર્યો નથી ✻

જે મોક્ષનું કાંઈક કથનમાત્ર કારણ છે એટલે કે વ્યવહાર રત્નત્રય મોક્ષનું કારણ નથી પણ કથનમાત્ર-કહેવામાત્ર કારણ છે. બાર અંગમાં જેટલું વ્યવહારનું કથન છે એ તો કથનમાત્ર વાત છે. વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો એ કથનમાત્ર વાત છે. નિમિત્ત છે એટલું કહેવામાત્ર વાત છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચ મહાવ્રત એ કથનમાત્ર મોક્ષમાર્ગ છે એટલે કે એ મોક્ષમાર્ગ નથી પણ નિમિત્ત છે એટલું કહેવામાત્ર કથન છે.

એવો વ્યવહાર ભવસાગરમાં ડૂબેલા જીવે અનંતવાર કર્યો. વ્યવહાર છે તે પોતે જ ભવ છે ને ભગવાન એ વ્યવહારથી રહિત છે.

ભવસાગરમાં ડૂબેલા જીવે વ્યવહારરત્નત્રયની વાત પૂર્વે ઘણા ભવોમાં સાંભળી પણ છે, મીઠી પણ લાગી છે ને આચરી પણ છે. વ્રત-તપ આદિ કરો, શુભ વિકલ્પરૂપ ધ્યાન કરો—એ વાત ઘણાં ભવોમાં સાંભળી છે, મીઠી લાગી છે ને અમલમાં મૂકી છે. વ્યવહાર-રત્નત્રયથી ધર્મ થાય એ વાત ભવોભવમાં–ઘણાં ભવોમાં સાંભળી છે ને સાંભળીને અમલમાં મૂકી છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અનંતવાર કરી છે.

સંસારસમુદ્રમાં ડૂબેલા જીવે અનંતવાર વ્યવહાર-રત્નત્રયને સાંભળ્યો છે ને આચર્યો પણ છે, પણ અરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે એટલે કે જેમાં રાગ પણ નથી, દયા-દાન આદિ પણ નથી એવા ત્રિકાળી જ્ઞાયક એકરૂપ ભગવાનને જીવે સાંભળ્યો–આચર્યો નથી. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય પ્રકાશનો પુંજ જ્ઞાયકપ્રભુ અચેતન—જ્ઞાનાંશથી ખાલી એવા પુણ્ય–પાપરૂપ–જડરૂપ કદી થયો જ નથી. ચૈતન્ય પ્રકાશના પુંજમાં પુણ્ય-પાપના અંધકારનો અભાવ છે. અરે! ચૈતન્ય પ્રકાશના પુંજમાં તેની એક સમયની પર્યાયનો પણ અભાવ છે ત્યાં પુણ્ય-પાપનો અંધકાર કેમ હોય? તેનો તો ચૈતન્ય પ્રકાશમાં અભાવ છે.

જે સર્વદા એક જ્ઞાન છે એટલે કે મતિ-શ્રુત આદિ પર્યાય પણ નહીં પણ જે એક જ્ઞાનસ્વરૂપ છે એવા પરમ સ્વભાવભાવને જીવે કદી સાંભળ્યો–જોયો નથી. ૧૧ અંગ ભણીને નવમી ગ્રૈવેયક ગયો છતાં સાંભળ્યું નથી?—કે સાંભળીને અંદર ઊતર્યો નથી તેથી સાંભળ્યું પણ નથી ને આચર્યું પણ નથી. અરેરે! ખેદ છે કે જીવે એક જ્ઞાયકસ્વરૂપ પરમાત્મતત્ત્વને કદી સાંભળ્યું નથી, નથી; આચર્યું નથી, નથી.

અરેરે! ખેદ છે કે જ્ઞાનસ્વરૂપ પરમાત્મતત્ત્વ પોતે છે પણ તેની સામું કદી જોયું નથી, નથી. નિર્વિકલ્પ જ્ઞાનથી સર્વદા એકરૂપ જ્ઞાન છે તે જણાય છે પણ અજ્ઞાનીએ કદી એને જાણ્યો નથી. વીતરાગે કહેલો વ્યવહાર છે, નથી એમ નથી, વ્યવહાર છે ખરો અને એનું ફળ છે ખરું, એનું ફળ સંસાર છે ખરું, અસ્તિ છે ખરી પણ વસ્તુમાં એ નથી. અરે! એ વસ્તુને જાણનારી પર્યાય પણ વસ્તુમાં નથી. નિર્વિકલ્પ જ્ઞાનની પર્યાય, સદા એકરૂપ વસ્તુને જાણનારી પર્યાય પણ વસ્તુમાં નથી. નિર્વિકલ્પ જ્ઞાનની પર્યાય સદા એકરૂપ વસ્તુને તેમાં ભળ્યા વિના જાણે છે. જ્ઞાનની પર્યાય પોતાના અસ્તિત્વમાં રહીને, જ્ઞાયકમાં ભળ્યા વિના સર્વદા એકરૂપ નિત્ય વસ્તુને જાણે છે.

કહેવામાત્ર જે મોક્ષનું કારણ છે, વચનમાત્ર મોક્ષનું કારણ છે; કારણ છે એટલે?

—કે કહેવામાત્ર કારણ છે, વાસ્તવિક કારણ નથી એવો વ્યવહારરત્નત્રય જીવે ઘણાં ભવોમાં સાંભળ્યો ને આચર્યો છે પણ અરેરે! જે સર્વદા એક જ્ઞાનસ્વરૂપ છે એવા નિજ પરમાત્મ-તત્ત્વને જીવે કદી સાંભળ્યો કે આચર્યો નથી, નથી, એ ખેદજનક છે એમ મુનિરાજ કરુણાપૂર્વક કહે છે. [—શ્રી નિયમસાર, કળશ-૧૨૧]

## * સમસ્ત વિભાવ તથા વ્યવહારરત્નત્રયને છોડીને નિજ દ્રવ્યનો આશ્રય કર *

સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને નિજ દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. વિકલ્પો છે તેને તો છોડ પણ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતાદિના વિકલ્પરૂપ વ્યવહારરત્નત્રયને છોડીને—વ્યવહારરત્નત્રયથી નહીં પણ તેને છોડીને નિજ આત્મદ્રવ્યના આશ્રયે નિશ્ચયરત્નત્રય થાય. સમસ્ત વિભાવને તથા વ્યવહારરત્નત્રયને છોડીને કરવું શું?—કે સીધો આત્માનો આશ્રય કરવો. અરે! ૫૦ મી ગાથામાં તે નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કહીને તેનો આશ્રય છોડાવ્યો છે ને સ્વદ્રવ્યનો આશ્રય કરાવ્યો છે તો વ્યવહારરત્નત્રયનો આશ્રય છોડ! શ્રી સમયસારમાં વ્યવહારરત્નત્રયના પુણ્યને તો પાપ કહ્યું છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત થાય છે. તેથી વ્યવહારરત્નત્રયના વિકલ્પને છોડ એ શરૂઆતથી જ વાત છે, દર્શનશુદ્ધિની આ વાત છે.

વ્યવહારરત્નત્રયને છોડીને નિજતત્ત્વવેદી એટલે કે વ્યવહારરત્નત્રય પર છે તેને છોડીને નિજ આત્મતત્ત્વને અનુભવનાર પુરુષ મતિમાન છે, બુદ્ધિમાન છે, પંડિત છે ને વિચિક્ષણ છે. વ્યવહારમાં રોકાતો તે મતિમાન ન હતો પણ વ્યવહારને છોડીને અંદરમાં આવે છે તે પુરુષને ભલે બુદ્ધિ થોડી હોય તોપણ તે મતિમાન છે. વ્યવહારને છોડીને નિજ-તત્ત્વમાં પરાયણ એવું જે એક નિજ જ્ઞાન નિજ શ્રદ્ધાન ને ચારિત્ર તેનો નિજતત્ત્વવેદી મતિમાન પુરુષ આશ્રય કરે છે. પૂરણ શુદ્ધ નિજ આત્મતત્ત્વમાં પરાયણ એવું જે જ્ઞાન-શ્રદ્ધાન ને ચારિત્ર તેનો તત્ત્વવેદી મતિજ્ઞાન પુરુષ આશ્રય કરે છે. આ એક જ કરવાનું છે.

[—શ્રી નિયમસાર, કળશ-૧૨૨]

## * આત્મધ્યાન સિવાય બીજું બધું ઘોર સંસારનું મૂળ છે *

આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. એક જ્ઞાનસ્વરૂપ પ્રભુને ધ્યેય બનાવીને ધ્યાન કરવું એ સિવાય બીજું બધું એટલે કે શુભ ને અશુભભાવ ઘોર સંસારનું મૂળ છે. દયા દાન આદિના રાગથી પણ ભિન્ન આત્માનું ધ્યાન—એ સિવાયનો જે કોઈ વિકલ્પ તે ઘોર સંસારનું મૂળ છે. પૂજા-ભક્તિનો શુભભાવ હો પણ તે ઘોર

સંસારનું મૂળ છે. આત્મા ચિદાનંદ સહજાનંદ જ્ઞાનસ્વરૂપ છે, તેને ધ્યેય બનાવીને ધ્યાન કરવું એ સિવાય જેટલો શુભ-અશુભ વિકલ્પ છે તે ઘોર સંસારનું મૂળ છે.

એકકોર આત્મધ્યાન ને એકકોર બીજું બધું—એ ઘોર સંસારનું મૂળ છે. અરે, ધ્યાન ને ધ્યેયનો વિકલ્પ એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. આત્મા ધ્યેય કરવા લાયક છે ઇત્યાદિ ધ્યેય-ધ્યાનનો સુતપ – વિકલ્પવાળું શુભ તપ એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. ક્રિયાકાંડ તો ક્યાંય રહ્યા પણ ધ્યાન ને ધ્યેયનો શુભ વિકલ્પ એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. વિકલ્પવાળું શુભ તપ પણ કલ્પનામાત્ર રમ્ય છે.

આત્માના ધ્યાન સિવાય બધુંય ઘોર સંસારનું મૂળ છે અને આત્માના ધ્યાનમાં ન રોકાતા ધ્યાન સંબંધી વિકલ્પમાં રોકાયો એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. આવું જાણીને ધીમાન્ એટલે કે બુદ્ધિમાન પુરુષ સ્વાભાવિક પરમાનંદરૂપી પીયૂષ—અમૃત તેના પૂરમાં ડૂબતા એવા સહજ પરમાત્માનો એકનો જ આશ્રય કરે છે.

શુભ ને અશુભભાવ તો નહીં, ધ્યાનની કલ્પના તો નહીં પણ બુદ્ધિમાન પુરુષો સહજ પરમાત્માનો એકનો જ આશ્રય કરે છે. પરમાનંદરૂપી અમૃતના પૂરમાં ડૂબતા એવા એક સહજ નિજ પરમાત્માનો ધીમાન આશ્રય કરે છે. શુભાશુભ તો ઘોર સંસાર, ધ્યાનનો વિકલ્પ તો કલ્પનામાત્ર રમ્ય તેથી તેને છોડીને સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં લીન એવા સહજ નિજ પરમાત્માનો એકનો જ આશ્રય કરે છે. ગુણ-ગુણીના ભેદનો કે પર્યાયનો પણ નહીં, એક સહજ પરમાત્મતત્ત્વનો આશ્રય કરે તેનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ છે.

જેમાં એકલો અમૃત ને આનંદ ભર્યો છે, જેનું અતીન્દ્રિય આનંદ એક લક્ષણ છે એવા આત્માને અનુભવવો તે ધર્મ છે. એકલો પરમાનંદસ્વરૂપ આત્મા તેનો આશ્રય કરે તો ધર્મ થાય. [ —શ્રી નિયમસાર, કળશ-૧૨૩ ]

કેવળજ્ઞાન હો, અલ્પજ્ઞાન હો કે અજ્ઞાન હો

## * ચૈતન્યવસ્તુ તો એવી ને એવી જ સદાય રહે છે *

આત્મા તો અનંત શક્તિનો પિંડ છે. આનંદ સ્વરૂપ, સ્વચ્છત્વ સ્વરૂપ આદિ અનંત શક્તિઓ આત્મામાં છે. આત્મામાં દૃષ્ટિ સ્થાપતાં—બહારમાં દૃષ્ટિ સ્થાપી છે તેથી સંસાર છે તે દુઃખ છે, અંતરમાં દૃષ્ટિ સ્થાપિત કરતાં અંદરમાંથી બહુ વિભૂતિ પ્રગટે છે.

વર્તમાન દશામાં રાગ છે તે દુઃખ છે, આત્મામાં દૃષ્ટિ કરતાં તે દૂર થાય છે ને બહુ વિભૂતિ પ્રગટ થાય છે. બહારની ચીજની દૃષ્ટિ છોડી પોતાની ચીજની મહિમા

લાવીને અંતરમાં દૃષ્ટિ સ્થાપ; તને બહુ વિભૂતિ પ્રગટશે. જાણવા-દેખવાના ઉપયોગનું લક્ષ પર ઉપર છે તે ઉપયોગ સ્થૂળ ઉપયોગ છે, જડ ઉપયોગ છે, તેનાથી આત્મા ન પકડાય. પુણ્ય-પાપના વિકારીભાવથી આત્મા ન પકડાય. સૂક્ષ્મ જ્ઞાન ને દૃષ્ટિ કરે તો આત્મા પકડાય. અંતરમાં આત્મામાં અનંત ગુણોનો દરબાર ભર્યો છે પણ માથે અજ્ઞાનનું તાળું માર્યું છે.

ઉપયોગ એટલે જાણવા—દેખવાનો ભાવ. એ ઉપયોગને સૂક્ષ્મ કરીને અંતરમાં જવાથી ઘણી સ્વભાવભૂત રિદ્ધિ-સિદ્ધિઓ પ્રગટે છે. જાણન-દેખન પરિણામને સૂક્ષ્મ કરીને અંતરમાં જવાથી ઘણી રિદ્ધિ સિદ્ધિઓ પ્રગટે છે. શાંતિ આનંદ સ્વચ્છતા આદિ રિદ્ધિઓ પ્રગટે છે, એનું નામ ધર્મ છે.

પ્રભુ! એકવાર તો પરની નજર છોડ! તારામાં આનંદનો નાથ ભર્યો છે, ત્યાં એકવાર નજર તો કર! જ્ઞાનસાગર, સુખસાગર ભગવાન આત્મા છે. જેમ દરિયામાં ગમે તેવી જોરદાર લહેર ઉછળે છતાં દરિયો-સમુદ્ર ઘટવધ થતો નથી. તેમ અનંતકાળથી દશામાં શુભાશુભ થયા તોપણ ચૈતન્યસમુદ્રમાં વધઘટ થઈ નથી. આ તો ઠીક પણ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થઈને વિશેષ એકાગ્ર થતાં કેવળજ્ઞાન થાય અને અનંતકાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે તોપણ દ્રવ્ય તો જેવું ને તેવું જ રહે છે. જેમ શુભાશુભ ભાવ દશામાં અનંત કાળથી થાય છે તોપણ વસ્તુમાં ન્યૂનાધિકતા થઈ નથી તેમ જ્ઞાનની જેટલી શક્તિ છે તેટલી પૂરણરૂપે પ્રગટે અર્થાત્ કેવળજ્ઞાન થતાં અનંતકાળ કેવળજ્ઞાન વહ્યા કરે છતાં વસ્તુ તો જેવી છે તેવી જ રહે છે, તેમાં કાંઈ ન્યૂનાધિકતા થતી નથી.

આત્મા જ્ઞાનસાગર છે, તેમાં દૃષ્ટિ કરીને સ્થિરતા કરતાં જ્ઞાનની પૂરણ દશા—કેવળજ્ઞાન પ્રગટે છે, ને અનંતકાળ કેવળજ્ઞાન રહે છે તોપણ ચૈતન્યસ્વરૂપ વસ્તુ તો એવી ને એવી જ રહે છે. દ્રવ્યસ્વભાવ એકરૂપ ત્રિકાળ છે, મલિન પર્યાય થાય કે મલિનતા છોડી અલ્પ વિકસિત પર્યાય થાય કે પૂર્ણ વિકસિત કેવળજ્ઞાન થાય તોપણ વસ્તુમાં કાંઈ વધઘટ થતી નથી. જ્ઞાનસાગર, જ્ઞાનનો ભંડાર, જ્ઞાનની ઋદ્ધિથી ભરેલો પ્રભુ છે. તેની દૃષ્ટિ કરતાં પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન આદિ પ્રગટે છે છતાં વસ્તુમાં કાંઈ વધઘટ થતી નથી. અનંત અનંત અનંત કાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે છતાં વસ્તુ તો જેવી છે એવી ને એવી જ સદાય રહે છે.

[ —બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૨૭૪ ]

વાણીનો જે વિષય નથી એવા આત્માને બતાવનાર

## * ગુરુ ને તેમની વાણી કેવી હોય? *

આદિ-મધ્ય-અંત રહિત એવી આ આત્મજ્યોતિ મીઠી મધુરી વાણીનો કે સત્ય

વાણીનો વિષય નથી. મીઠી મધુરી વાણી કે સાચી વાણી એનો પણ વિષય ભગવાન આત્મા નથી. વાણી તો પોતાની જાતથી વિરુદ્ધ છે, તેથી સાચી વાણીનો પણ વિષય આત્મા નથી. મીઠી મધુરી વાણીનો તો વિષય નથી પણ વીતરાગની વાણી સત્યવાણી છે તેનો પણ વિષય નથી.

સમયસારની ગાથા ૩૧૭માં કહ્યું કે જેમ સાકરવાળું દૂધ ઝેર છોડાવવા સમર્થ છે તેમ દ્રવ્યશ્રુત સંસાર છોડાવવા સમર્થ છે, પણ એ તો નિમિત્તથી કથન છે. સત્યવાણીનો વિષય નથી તોપણ ગુરુના વચનો વડે તેને પામી શકાય છે. ગુરુના એવા વચનો આવે કે પ્રભુ તું અપૂરણ નથી, વિકારી નથી, તને કોઈએ રોક્યો નથી. એમ દેશનાલબ્ધિથી પામી શકાય છે. આ અપેક્ષાથી કથન છે. કેમ કે ગુરુ ને કેવળીના વચનો તો અનંતવાર મળ્યા પણ જે પામી જાય તેને વચનો નિમિત્ત કહેવાય. વાણીથી પામી શકાય એવો તું નથી તોપણ તું પૂરણપરમાત્મા પરમેશ્વર પ્રભુ છો એમ ઈશારો કરનાર ગુરુ જોઈએ. આમ કેમ કહ્યું ?–કે ગુરુ વીતરાગતાને જ બતાવે છે, મારી ભક્તિ કર તો તને લાભ થશે એમ બતાવતા નથી એમ કહેવું છે. ગુરુએ પરમાર્થ સ્વરૂપ જ બતાવ્યું છે, અમારાથી થશે કે વાણીથી થશે એમ કહ્યું નથી.

સત્યવાણીનો તું વિષય નથી છતાં ગુરુ વીતરાગ સ્વભાવ બતાવે છે, તું તો વીતરાગ-ભાવથી મળે એવો છો—એવા વચનોથી પામી શકાય એવો છો. અમારી ભક્તિથી ધર્મ થશે એ ગુરુની વાણી નહીં. જે સીધો પરમાત્મા બતાવે તે ગુરુની વાણી કહેવાય અને એ વાણી જોઈએ જ. સત્યવાણીનો વિષય નથી છતાં તું અખંડ ટંકોત્કીર્ણ જ્યોતિ છો એવી વાણી જ નિમિત્ત હોય. જેવી પરમાત્મસ્થિતિ છે તેવી બતાવે તેવી વાણી જ નિમિત્ત હોય તેમ અહીં બતાવવું છે. ગુરુ એમ કહે કે અમારા શબ્દોની પણ તને જરૂર નથી, તું તો ભગવત્ સ્વરૂપ છો. સાક્ષાત્ ટંકોત્કીર્ણ ચિદ્‌ઘન વજ્ર તું છો—એમ ગુરુની વાણી બતાવે છે. તેથી તે વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. ગુરુના વચનો પામી જે સુદૃષ્ટિવાળો થાય છે એટલે કે ગુરુની વાણી એવી જ છે કે તેણે સુદૃષ્ટિ બતાવી છે. બતાવનાર કેવા હોય, બતાવનારની વાણી કેવી હોય અને તેનો ભાવ શું હોય–એ અહીં કહ્યું છે.

દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે પરમાત્મસ્વરૂપ છો તેને પામ. તેથી એ વાણીથી પામ્યો એમ કહેવાયું, કેમ કે વાણીએ જે બતાવ્યું તેવો તે થયો ત્યારે એ વાણીથી પામ્યો એમ કહ્યું છે પરંતુ અહીં વાણીથી થાય એમ કહેવું નથી પણ વાણી કેવી હોય તે બતાવવાનું વજન છે. જે પામ્યો તેવું જ ગુરુએ બતાવ્યું હતું.

એમ કહીને આવું વસ્તુસ્વરૂપ બતાવે એવા જ ગુરુ મળવા જોઈએ. પુણ્યનો યોગ એવો હોવો જોઈએ કે ત્રિકાળીને બતાવે એવા જ ગુરુ મળવા જોઈએ. વચનથી પામી શકાતો નથી તોપણ તેને ગુરુ એવા મળ્યા હોય કે જે સુદૃષ્ટિ જ કરવાનું કહે. ભગવાન ત્રિકાળીનો આશ્રય કર તો તને પ્રભુ પ્રાપ્ત થશે-એમ ગુરુએ કહ્યું ને એણે એમ કર્યું ત્યારે તે સુદૃષ્ટિવાળો થાય છે. ગુરુની આવી વાણી સાંભળી તેને પ્રાપ્ત થાય જ, સુદૃષ્ટિ થાય જ એમ પણ કહ્યું.

ગુરુએ સુદૃષ્ટિ કરવાનું જ કહ્યું હતું તેથી જે સુદૃષ્ટિવાળા થાય છે તે પરમ અક્ષય જે કેવળજ્ઞાન તેનો વલ્લભ થાય છે એટલે કે તે મુક્તિસુંદરીનો પતિ થાય છે.

[—શ્રી નિયમસાર, કળશ-૧૯૯]

## ❀ સહજ તત્ત્વ ત્રિકાળ જયવંત વર્તે છે ❀

ધ્રુવ જ્ઞાયકતત્ત્વ તો જયવંત વર્તે છે, તેમાં પલટો નથી, અપૂર્ણતા નથી, એવું ને એવું અનાદિકાળથી શુદ્ધ પવિત્ર આનંદનો સાગર જયવંત વર્તે છે—એમ ધર્મી કહે છે. જેને શુદ્ધ તત્ત્વ ભાસ્યું છે એ કહે છે કે મારું શુદ્ધ તત્ત્વ સદાય જયવંત વર્તે છે. જેને એ ભાસ્યું નથી એને ક્યાં ખબર છે કે જયવંત વર્તે છે?

સાત તત્ત્વોમાં જ્ઞાયક સિવાય આસ્રવ બંધ તથા સંવર આદિ તો ક્ષણિક છે, માટે એક સમયની પર્યાય ઉપર નજર ન દે, તે જ્ઞાનમાં ભલે જણાય પણ જે સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે તેના ઉપર નજર દે. એના ઉપર જેણે નજર આપી છે એ એમ કહે છે કે મારું ત્રિકાળી તત્ત્વ જયવંત વર્તે છે.

ભગવાન આત્મા તો સદા અનાકુળ છે, આનંદસ્વરૂપ છે, તેમાં દુઃખની જરી છાંય પણ નથી; પણ તેમાં નજર દે તો ને! વસ્તુ છે તે સહજ છે, અનાદિની છે તે સતત સુલભ છે. એક સમયની અવસ્થાની પાછળ નજીકમાં ભગવાન આત્મા પડયો છે.

અંતર પડયા વિના, કર્મના વિઘ્ન વિના, રાગના વિઘ્ન વિના નિરંતર સુલભ છે. સહજ તત્ત્વના અભ્યાસે સતત સુલભ છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર છે. આવી મહિમાવંત ચીજની મહિમા લાવીને અંદર ઉતરતો નથી ને બહારની ચીજમાં અટવાઈ ગયો છે!

આ દેહમાં જે ભગવાન બિરાજી રહ્યો છે તે રાગ વિનાનો છે, અરે! સંવર-નિર્જરા વિનાનો છે, એટલે કે પર્યાય વિનાનું ત્રિકાળી સહજ તત્ત્વ છે. એ ત્રિકાળી સહજ તત્ત્વ પ્રકાશવંત છે. તે સમ્યગ્દૃષ્ટિઓને સમતાનું ઘર છે એટલે કે વીતરાગતાનું ઘર છે, તેમાં દૃષ્ટિ દેતાં વીતરાગતા પ્રગટે છે.

ધર્મી જીવે સહજ તત્ત્વ ઉપર દૃષ્ટિ દીધી છે તેને તે વીતરાગતાનું ઘર છે. વીતરાગમૂર્તિમાંથી વીતરાગતા આવે છે. જેના ઘરમાં રાગ નથી પણ સમતાથી ભરેલું ઘર છે, તેના ઉપર દૃષ્ટિ દેતાં તેમાંથી સમતા પ્રગટે છે. આત્મામાં તો એકલી વીતરાગતા ભરી છે, તેમાં જેણે નજર કરી છે તેને તો તે વીતરાગતાનું ઘર છે. તેમાંથી તેને —સમ્યગ્દૃષ્ટિઓને સમતા પ્રગટે છે.

પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી ખીલેલું છે. જેણે સહજ તત્ત્વનો આદર કર્યો છે તેને અનંતા ગુણો પર્યાયમાં ખીલેલા છે. અનંત અનંત ગુણોથી ખીલેલું સહજ તત્ત્વ છે, પણ કોને?—કે જેણે તે સહજ તત્ત્વની દૃષ્ટિ કરી છે તેને તે નિજ ગુણોથી ખીલેલું તત્ત્વ છે.

રાગ ને પર્યાયનો આદર છૂટીને જ્યાં સહજ તત્ત્વનો આદર થાય છે ત્યાં અનંતા ગુણો ખીલે છે—વિકસે છે તે ધર્મ છે. તેની સ્વભાવિક અવસ્થા એટલે કે વીતરાગસ્વરૂપ તત્ત્વને દૃષ્ટિમાં લીધો તેને વીતરાગી સહજ અવસ્થા સ્ફુરિત છે—પ્રગટ છે. અજ્ઞાનીને દયા-દાન-કામ-ક્રોધ પ્રગટ થાય છે કે જે સ્વભાવમાં નથી, અને તેથી તે અધર્મ છે.

ભગવાન આત્મા અનંત ગુણની હયાતીથી ભરેલો છે, તેની સન્મુખ થતાં તેની દૃષ્ટિ કરી તેને અનંતગુણની પર્યાય પ્રગટ થઈ તે ધર્મ છે. રાગાદિ સહજ દશા નથી, વિકૃત દશા છે. સ્વભાવિક વસ્તુની દૃષ્ટિ દેતાં સ્વભાવિક દશા પ્રગટ થાય છે. એવા સહજ તત્ત્વને જેણે જોયું છે તેની નિર્મળ અવસ્થા નિજ મહિમામાં લીન છે. મુનિરાજને સહજ તત્ત્વને કહેવા માટે શબ્દ ઓછા પડે છે. અતીન્દ્રિય આનંદનો લાડવો છે. એવા સહજ તત્ત્વની નજર કરવી તેનું નામ આલોચના છે. [—શ્રી નિયમસાર, કળશ-૧૭૬]

## * સકળ-વિમળ જ્ઞાનનું રહેઠાણ : સહજ પરમ તત્ત્વ *

સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે. સંવર નિર્જરાની નિર્મળતા તો એક સમયની છે. ત્રિકાળી ધર્મીની દૃષ્ટિ થતાં ધર્મ દશા પ્રગટે એ તો પર્યાય છે. તેથી સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે. ત્રિકાળી વસ્તુ સ્વભાવિક નિર્મળ છે. સંવર નિર્જરા મોક્ષ તો પ્રગટ થયેલી નિર્મળતા છે, વસ્તુ છે એ તો સહજ નિર્મળ છે.

ભગવાન આત્મા પૂરણ જ્ઞાનને રહેવા માટેનું રહેઠાણ છે. સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ વસ્તુ છે. દયા-દાનના રાગનું રહેઠાણ સહજ જ્ઞાન નથી પણ વિમળ જ્ઞાનનું રહેઠાણ સહજ તત્ત્વ છે. પ્રભુ તો ત્રિકાળ નિરાવરણ છે. પર્યાયમાં રાગનો સંબંધ છે, વસ્તુમાં રાગનો સંબંધ નથી. રાગ અને આવરણના કાળે પણ વસ્તુ છે એ તો નિરાવરણ છે.

[ અનુસંધાન પાનું ૧૯ ]

[ગતાંકથી ચાલુ]

# શુદ્ધાત્મ-અવલોકન 卐 जाण अलिंगग्गहणम् ।

[શ્રી પ્રવચનસાર, ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

## * પ્રવચન સાતમું *

[વીર સંવત ૨૫૦૪, માગશર સુદ ૩ મંગળવાર તા. ૧૩-૧૨-૭૭]

શ્રી પ્રવચનસાર શાસ્ત્રની આ ૧૭૨મી ગાથા ચાલે છે. આ ગાથા શ્રી કુંદકુંદાચાર્યદેવના દરેક શાસ્ત્રમાં છે. શ્રી સમયસારમાં છે, આ પ્રવચનસારમાં તો છે જ, શ્રી નિયમસારમાં છે, શ્રી અષ્ટપાહુડમાં છે અને શ્રી ધવલાશાસ્ત્રના બીજા ભાગમાં પણ છે, એવી આ પુરાણી ગાથા આખા રહસ્યને બતાવનારી છે. આત્મા રસ વિનાનો, ગંધ વિનાનો, સ્પર્શ વિનાનો, શબ્દ વિનાનો, સંસ્થાનના આકાર વિનાનો છે. એ પુદ્ગલ અને બીજા જે ચાર અજીવ દ્રવ્ય છે તેનાથી આત્માને ભિન્ન પાડવાનું સાધન ચેતનામયપણું છે. "પુદ્ગલ તેમ જ અપુદ્ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન તો ચેતનાગુણમયપણું છે." ચેતનાગુણવાળું એમ અહીં નથી લીધું. રાગ અને વિકલ્પ છે તેનાથી પણ ભિન્ન પાડવાનું સાધન ચેતનાગુણમય છે. કોઈ કહે કે રાગની ક્રિયા બહુ જોર પૂર્વક-રુચિપૂર્વક કરે તે નિર્વિકલ્પ આત્મજ્ઞાનને પામવાનું સાધન છે-તો કહે છે કે એમ નથી. બીજાથી ભિન્ન પાડીને ચેતનાગુણમયને પકડવો, એને અનુભવવો એ સાધન છે. અલિંગગ્રહણ કહ્યા પહેલાં આ શબ્દો છે તેનો આવો અર્થ છે, અત્યાર સુધી એ નથી કહ્યો, પણ આજે આ કહેવાય છે. રસ ગુણસ્વભાવવાળો ભગવાન નથી એટલે રસથી ભિન્ન પાડવાનું સાધન ચેતનાગુણમય-પણું છે. જેમ બીજે પ્રજ્ઞાછીણીને ભિન્ન પાડવાનું સાધન કહ્યું, રાગથી ભગવાન આત્માને પ્રજ્ઞા એટલે કે જ્ઞાનની છીણી મારીને ભેદ કરવો, તેમ અહીં ભિન્ન પાડવાનું સાધન ચેતનાગુણમયપણું કહ્યું છે.

આવી વાત છે ભાઈ! આકરું લાગે પણ માર્ગ તો આ જ છે. એણે કદી સાચો પ્રયત્ન કર્યો નથી, એમ ને એમ જગતના બફમમાં જિંદગી ગાળી. ઢોરની જેમ જિંદગી ગાળી છે. હાથીને જેમ ચૂરમું ને ઘાસ આપે તો એ હાથી ચૂરમું અને ઘાસ જુદાં છે એનો વિવેક કરતો નથી. એ ઘાસ ને ચૂરમું ભેગું કરીને ખાય છે પણ ચૂરમું જુદી ચીજ છે ને ઘાસ જુદી ચીજ છે એમ જાણતો નથી; એમ અજ્ઞાની પુણ્ય ને પાપના ભાવ ઘાસ જેવા વિકાર છે અને ભગવાન અંદર શેરડીના રસ જેવો મીઠો આનંદકંદ છે, એ આનંદ-

કંદનો સીધો અનુભવ ન કરતાં; રાગના મિશ્ર પડસા (ઘાસ)માં આત્માને વેદે છે તે રાગી ને દુઃખી છે. અનાદિનો ચૂરમાની જેમ અતીન્દ્રિય આનંદના મીઠાશથી ભરેલો ભગવાન આત્મા છે એને રાગથી ભિન્ન પાડીને અનુભવવો જોઈએ, એને ન જાણતાં રાગના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, શુભ-અશુભનો જ અનુભવ કરે છે. અશુભ તો પડસો-ઘાસ છે જ પરંતુ શુભ પણ પડસો-ઘાસ છે, એનાથી ભગવાન જુદો છે, એની અનુભવદશા પરથી જુદી પ્રગટ ન કરે ત્યાં સુધી એના ચોરાસીના જન્મમરણ ટળશે નહિ-કાગડાના, કૂતરાના, કીડીના ભવ કરી કરીને મરી ગયો. શુભ અશુભ રાગથી ચૈતન્યભગવાનને ભિન્ન કરવો તે ભેદ ભવના છેદનો ઉપાય છે. નરકગતિનો છેદ, તિર્યંચગતિનો છેદ એમ નહિ પણ ભવનો છેદ કરવાની વાત છે, પુણ્યના ફળરૂપ સ્વર્ગનો ભવ પણ દુઃખદાયક છે.

આ દુઃખના ભાવથી ભિન્ન અતીન્દ્રિય આનંદનો નાથ ચેતનાગુણમય છે તે લક્ષમાં આવતો નથી. ચેતનાગુણમય લીધું છે કેમ કે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે તેથી ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લ્યે ત્યારે પ્રગટે પણ ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ વિકાસનો અંશ છે તેથી એમ કહ્યું કે ચૈતનાગુણમય આખો ભગવાન આત્મા છે. અંતર નજર કરતાં ચેતના....ચેતના....ચેતના.... સ્વભાવ જેનો અનંત અને અપરિમિત સ્વભાવ છે, એ ચેતનાગુણ ઉપર દૃષ્ટિ આપતાં રાગથી ભિન્ન પડે તે એનું સાધન છે. અજ્ઞાની કહે છે કે અશુભ છોડીને બળજોરીથી રુચિપૂર્વક શુભભાવ કરવો તે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પામવાનું સાધન છે; તો કહે છે કે અત્યારે તો એવાં વ્રત, તપ પણ ક્યાં છે? રાગની ક્રિયામાં પણ રાગથી ભિન્ન મારું ચૈતન્યસ્વરૂપ છે, ચૈતનાગુણમય આખું દળ પડ્યું છે એવા ચેતનમય આત્માને પરથી ભિન્ન પાડવાનું સાધન તો આ છે. રાગ વડે શુભભાવ વડે ચેતનમય આત્મા જણાય એમ ત્રણ કાળમાં બને નહિ. આ વાત પહેલાં કરીને પછી આચાર્યદેવે અલિંગગ્રહણની વાત કરી છે. આ તો જન્મ-મરણ રહિત થવાની વાત છે. ચેતનામય આનંદનો નાથ, આનંદ ને જ્ઞાનથી ટકી રહેવું એનું જીવન છે, એવા જીવનને ન સ્વીકારતાં પુણ્ય ને પાપના ભાવ અને તેના ફળનો સ્વીકાર કરી એણે ચૈતન્યભગવાનની હિંસા કરી છે.

લિંગ એટલે ઉપયોગ નામનું લક્ષણ, જાણવું-દેખવું એ ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય આત્મા અને એનું એ લક્ષણ. એ લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે ઉપયોગ નામના લક્ષણને ક્યાંય બહારથી લાવતો નથી. કાંઈ સાંભળ્યું ને રાગ કર્યો ને વાંચ્યું ને જ્ઞાનનો ભાવ એનાથી બહારથી આવ્યો-એમ નથી. વાંચ્યું ને ઇન્દ્રિયના નિમિત્તથી ઉપયોગનો ઉઘાડ થયો એ પણ આત્માને જાણવામાં કાર્યગત નથી. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં-એટલે કે સત્ દર્શન પૂર્ણ પ્રભુ જેવો છે તેવો, તેવડો, તેટલો અનુભવમાં લાવવા માટે બહારથી

ઉપયોગ આવતો નથી, એનો ઉપયોગ તો અંતરમાંથી આવે છે. આહાહા! આવી વાત પકડાય નહિ પછી બીજે રસ્તે ચડી જાય ને જિંદગી વ્યર્થ ગુમાવે.

પ્રભુ! તું કોણ છો? જેને આ ઉપયોગ બહારથી આવે એવો તું છો? વાંચન, શ્રવણથી તારો જ્ઞાન ઉપયોગ આવે? એ તો બહિર્લક્ષી જ્ઞાન છે, ઇન્દ્રિયો ને મનથી જે જાણવું થયું એનાથી આત્મા જણાય એવો એ નથી. બહારના સાધનથી આત્માનો ઉપયોગ થાય એવો એ નથી. આ મૂળ રકમની વાત કરી છે. જેમાં નજર નાખતાં અપરિમિત દ્રવ્ય પ્રગટ દેખાય છે અને અપરિમિત દ્રવ્ય ને ગુણનો સ્વભાવ છે તેના આશ્રયે જે ઉપયોગ થાય તે ઉપયોગને આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. દયા, દાન ને કામ ક્રોધના ભાવ તો વિકાર ને દુઃખદાયક છે, એનાથી તો આત્મા જણાય નહિ, એ વાત તો દૂર રહી; પણ બહારથી ઇન્દ્રિયોથી સાંભળીને ને મનથી વિચારીને જે જ્ઞાન થાય તે ઉપયોગ બહારથી આવ્યો છે ને એ ઉપયોગ આત્માનો નથી.

કોઈ પૂછે કે પૂર્વના સંસ્કાર કાંઈ કામ કરે કે નહિ?–તો કહે છે કે સંસ્કાર કાંઈ કામ કરતા નથી, અંદર જોડાય ત્યારે કહેવાય કે તેને પૂર્વના સંસ્કાર હતા. અત્યારે પણ તે સ્વના લક્ષે અંદર જાય ત્યારે પ્રાપ્ત થાય અને ત્યારે કહેવાય કે આને એકદમ પ્રાપ્ત થયું તો પૂર્વના સંસ્કાર હશે. સંસ્કાર તો પર્યાયમાં છે, તેને આશ્રયે ઉપયોગ ન થાય. અધિગમ અને નિસર્ગ એ બે ભેદ જે કહેવાય છે તે નિમિત્તનું કથન કર્યું છે, થાય છે તો નિસર્ગથી પણ પહેલાં સાંભળ્યું તેને નિમિત્ત કહીને એ અપેક્ષાથી વાત કરી છે.

અરેરે! ચાર ગતિમાં રખડતો મુસાફર, એને પોતાની કાંઈ દયા નથી, બીજાની દયા તો પાળી શકતો નથી. ફક્ત મિથ્યાત્વથી માને કે પરની દયા પાળું છું. પરની દયા માટેનો રાગ થાય તે પણ સ્વરૂપની હિંસા છે. અજ્ઞાનીને કાંઈ ખબર નથી. ચૈતન્યના સાગરના સ્વભાવથી ભરેલો ચૈતન્યમય પ્રભુ છે એનો ઉપયોગ બહારથી લાવી શકાય એવી એ વસ્તુ નથી. આની ખબર નથી ને બહારમાં ભટકયા ભટક કરે છે.

પોતે ઉપયોગ નામના લક્ષણને કયાંય બહારથી લાવતો નથી. આ રીતે આત્મા કયાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે. એટલે કે ભગવાન પાસેથી પણ મળતું નથી. કોઈ પૂછે કે 'દિવ્યધ્વનિ સુની, અર્થ ગણધર વિચારે' એમ આવે છે ને?–તો કહે છે કે વિચારે એ તો પોતે પોતાથી વિચારે છે અને વિચારે છે એમાં વિકલ્પ છે એ જુદી વસ્તુ છે. પામે છે એ અંતરના આશ્રયથી પામે છે. વસ્તુસ્વરૂપ જાણ્યું છે, અનુભવ્યું છે એ નિશ્ચય છે અને જ્યારે સમજાવે છે ત્યારે વિકલ્પ ઊઠે છે ત્યાં વ્યવહારમાં આવ્યો છે. એ વ્યવહારમાં આવેલો બીજાને એમ કહે કે 'આત્મા આ છે' છતાં એ વિકલ્પથી શુદ્ધિ

વધે કે શુદ્ધિ પ્રગટ થાય એમ નથી. અરે! રાગને મંદ કરતાં જ્ઞાનનો ઉઘાડ કાંઈ વિશેષ દેખાય એ પણ આત્માનો ઉપયોગ નહિ. અગિયાર અંગનો ઉપયોગ તો થયો છે; જ્ઞાનમાં તે આવ્યું છે પણ તે બહારથી આવ્યું છે, એ અંદરથી નથી આવ્યું. આ રીતે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે. જ્ઞાનસ્વભાવી ભગવાન એને આશ્રયે જે ઉપયોગ થાય તે આત્માનો ઉપયોગ કહેવાય અને તે જ્ઞાનને જ્ઞાન કહેવાય. જીવ જ્ઞાનમય પ્રભુ, એના આશ્રયથી જે જ્ઞાન થાય તે જ્ઞાનને જ્ઞાન કહેવાય, તેના આશ્રયથી જે ઉપયોગ થાય તેને જ્ઞાનનો ઉપયોગ કહેવાય.

લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી (–બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૯

લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી. જે આત્મા આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનનો સાગર, ધ્રુવ ભગવાન ચૈતન્યમય પ્રભુ છે તેના અવલંબે જે ઉપયોગ પ્રગટ્યો તે ઉપયોગને, તાકાત નથી દુનિયામાં કોઈની કે કોઈ તેને હરી શકે, લૂંટી જાય, નાશ કરી શકે, ચોરી કરી જાય. ઇન્દ્રિયજ્ઞાન ઘણું ઉઘડ્યું હોય ને મરતી વખતે કોઈને નિગોદમાં જવું હોય ત્યારે મૂળ તો પર્યાય અંદર હીણી થવા માંડી હોય અને જવું છે નીચે એટલે તેને પોતાને એમ થઈ જાય કે મને કોઈ ખેંચે છે. જે ઇન્દ્રિયજ્ઞાન હતું–બહારના ડહાપણનો જે ઉપયોગ હતો તે આમ ઘસાવા માંડ્યો કારણ કે તે નાશવાન હતો. પર તરફનો ઉઘાડ છે તે કાંઈ આત્માનો ઉપયોગ નથી તે તો નાશવાન છે.

સમ્યગ્દૃષ્ટિને બહારની સામગ્રી હોય કે ન હોય પણ એને બંધ પરિણામ થતાં નથી. કારણ કે એણે રાગની એકતા તોડી છે તેથી તેને પુણ્યને લઈને બાહ્ય સામગ્રીનો મોટો ગંજ હોય તોપણ બંધન થતું નથી; અને બાહ્યમાં સામગ્રી ન હોય, પાપનો ઉદય હોય તો સામગ્રી કાંઈ ન હોય, નારકીનો જીવ હોય પણ અંદરમાં રાગને ભિન્ન કરીને ચૈતન્યમય ઉપયોગમાં ઠર્યો હોય તેને કાંઈ સામગ્રી ન હોય તો એને લઈને દુઃખી થાય–એમ નથી.

લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું એટલે કે આત્માના લક્ષથી ઉત્પન્ન થયેલો ઉપયોગ એને કોઈ હરી શકે નહિ જેમ આત્માનો નાશ ન થાય તેમ આત્માના આશ્રયે જે ઉપયોગ ઉત્પન્ન થયો તે કોઈ હરી શકે નહિ. ભલે થોડું હોય પણ એ લક્ષના આશ્રયે જે લક્ષણ ઉપયોગ ઉત્પન્ન થયો એ કોઈથી હણાય ને ઘટે એમ બને નહિ. અગિયારમાં ગુણસ્થાને આવીને જે પડે છે તેમાં રાગ ઉત્પન્ન થાય છે તેથી પડે છે, તેમાં

ઉપયોગ ઘટે છે એવું કાંઈ નથી; ઉપયોગ તો જ્ઞાનસ્વરૂપ છે, ઉપયોગમાં જ્ઞાનસ્વરૂપ જ રમે છે, એ તો પર્યાયમાં આગળ વધ્યો હતો ને રાગ આવ્યો એટલે એ પર્યાય ઘટી છે પણ જ્ઞાનનો ઉપયોગ અંદરમાં સ્વને લક્ષે થયો હતો એમાં ઘટાડો થયો નથી.

બીજી વાત લઈએ તો અંદરમાં કોઈને ચારિત્રની પર્યાય થઈ અને જ્ઞાનનો પર્યાય ઉઘડયો. હવે તે મરે ત્યારે ચારિત્રની પર્યાય તો રહેતી નથી પણ ઉપયોગ નથી રહેતો એમ નથી. સ્વના લક્ષે જે ઉપયોગ પ્રગટયો છે તે સાથે લઈને જ જાય છે; કારણ કે પંચમકાળમાં ગમે તેવો ચારિત્રવંત હોય તો એને સ્વર્ગમાં જ જવું છે એટલે ચારિત્ર તો ત્યાં સ્વર્ગમાં રહેતું નથી, ચારિત્ર તો પડી જશે પણ ચૈતન્યના લક્ષમાંથી ઉપયોગ આવ્યો છે તે ઉપયોગ તો કાયમ ત્યાં રહેશે. ચારિત્રથી અચારિત્ર થઈ ગયું પણ જે ઉપયોગ પ્રગટયો છે તેને હાનિ થઈ નથી. એક ગુણની પર્યાય હીણી થઈ તો એથી સમ્યગ્દર્શનની પર્યાય ને જ્ઞાનના ઉપયોગની પર્યાય હીણી થાય એવું નથી. સર્વે ગુણ અસહાય સ્વાધીન છે. કોઈ ગુણની પર્યાય કોઈ ગુણની પર્યાયને મદદ કરે–એમ નથી; અને કોઈ ગુણની પર્યાય હીણી થઈ તો એને લઈને બીજા ગુણની પર્યાય હીણી થાય–એમ નથી; તેમ જ ચારિત્રની પર્યાય ગઈ એથી કાંઈ જ્ઞાનના લક્ષે જે ઉપયોગની પર્યાય થઈ છે એ નાશ થઈ જાય–એમ છે નહિ.

લિંગનું એટલે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી. જેમ ઉપયોગને કોઈ આવરણ કરી શકતું નથી તેમ ચારિત્રગુણની પર્યાય હીણી થઈ ગઈ છતાં તેના ઉપયોગને એ હરી શકતું નથી. ચારિત્રની પર્યાયથી તો પડી જાય છે, અવ્રતિ થઈ જાય છે પણ તે ગુણની પર્યાય જતાં સ્વલક્ષથી જે ઉપયોગ થયો તે ઘટી જાય કે હરી લ્યે એમ છે જ નહિ.

અહીં, પરથી હરણ થઈ શકતું નથી એમ આવ્યું છે તો ચારિત્રની પર્યાય તો ઘટી જાય છે, અવ્રતી થઈ જાય છે ને? તો કહે છે કે સ્થિરતા તો જાવજીવ સુધીની અહીં હતી, પછી સ્થિરતા ન રહે પણ જે સ્વના લક્ષે ઉપયોગ પ્રગટયો છે એમાં જરી પણ હાનિ થાય એવું નથી. બીજાથી હરી શકાતું નથી, કોઈ આવરણ કરી શકે તો નહિ પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ જાય તો આ ઘટી જાય એમ બને નહિ.

એ ચારિત્રની પર્યાય ભલે હીણી થઈ ગઈ છતાં ત્યાં રાગથી ભિન્નપણાનો જે ઉપયોગ જ્ઞાનને લક્ષે થયો તે ઉપયોગમાં હીનપણું થતું નથી. એ ઉપયોગ તો સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં પણ સાથે જ જાય છે. સ્વના આશ્રયે પ્રગટેલો જે ઉપયોગ છે તે, ચારિત્રવંત હોય ને ચારિત્ર ખલાસ થઈ જાય છતાં તેને કાંઈ હીનપણું થતું નથી. કર્મ મને ઢાંકી દે એમ તો નહિ પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ માટે આ ઉપયોગ

હણાઈ જાય-એમ પણ નથી.

શ્રી પરમાર્થ વચનિકામાં કહ્યું છે કે સ્વના લક્ષે જે ઉપયોગ છે તે ઉપયોગ કાયમ રહે છે, કેમ કે જેનું લક્ષણ છે તેના લક્ષે જે ઉપયોગ થયો તે ઉપયોગને કોઈ બીજા ગુણની પર્યાય હીન કે અધિક કરતી નથી. સર્વે ગુણ અસહાય ને સ્વાધીન છે એમ કહ્યું છે. દરેક ગુણ અસહાય, બીજા ગુણની પર્યાયની પણ સહાય નહિ અને સ્વાધીન છે એમ બે શબ્દ ત્યાં છે.

લક્ષ્યને આશ્રયે જે લક્ષણ પ્રગટ્યું એ લક્ષણ વડે તે જેનું છે તેનું જ્ઞાન થાય છે. લક્ષણ જે ઉપયોગ છે તે લક્ષને જાણે છે માટે તેને લક્ષણ કહેવાય છે. 'માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી સ્વલક્ષણ ધરતું થકું',-જ્ઞાનઉપયોગ એ સ્વલક્ષણ છે તેને ધરતું થકું સ્વદ્રવ્યને આશ્રિત પ્રગટ્યું થકું પરથી હણાય એવું ઉપયોગ લક્ષણ નથી. જેમ ધ્રુવ હણાતું નથી તેમ ધ્રુવના લક્ષે થયેલો જ્ઞાન ને દર્શનનો ઉપયોગ હણાતો નથી, ઘટતો નથી. આહાહા! આચાર્યોના હૃદય ગજબ ભર્યાં છે, જ્યારે આ લખતાં હશે ત્યારે હૃદય શું કામ કરતું હશે!!

આગળ કહ્યું કે 'ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે' અને અહીં કહે છે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે પરથી હરણ થઈ શકતું નથી. બીજાથી લઈ જઈ શકાતું નથી. એને કોઈ ચોરી જાય, એને હણી જાય, કે એને કાંઈ પરથી ઘસારો થાય- એમ બને નહિ. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા એનો માર્ગ કોઈ અપૂર્વ છે, એ માર્ગ ચૈતન્યમય ભગવાન આત્માના લક્ષે ઉત્પન્ન થાય છે; એ માર્ગ નિમિત્તને આશ્રયે નહિ, રાગને આશ્રયે નહિ ને પર્યાયને આશ્રયે પણ ઉત્પન્ન થતો નથી.

આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી. જ્ઞાન એટલે ઉપયોગની અહીં વાત છે. વર્તમાન આત્માનું લક્ષણ જે જ્ઞાન, લક્ષને પકડીને જે ઉપયોગ થયો તે જ્ઞાનની વાત અહીં કહેવી છે, ત્રિકાળી જ્ઞાનને કોઈ હણે એ પ્રશ્ન અહીં નથી.

આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થનો ભાવ અલિંગ-ગ્રહણમાંથી નીકળે છે. જેના ઉપયોગને બીજો કોઈ હરી શકે એવું નથી.

આહાહા! ભારે વાત ભાઈ! બાપુ! આ તો વીતરાગમાર્ગ છે; એણે કોઈ દિવસ યથાર્થ રુચિથી આ માર્ગ સાંભળ્યો નથી. 'તત્પ્રતિપ્રીતિચિત્તેન યેન વાર્તાઽપિ શ્રુતાઃ' —આવો સ્વભાવ છે એવું પ્રેમથી, રુચિથી એણે સાંભળ્યું નથી. જેના એકેક ગુણની અચિંત્યતા અને એ ગુણની પર્યાયની પણ અચિંત્યતા, સ્વાધીન અને સ્વસહાય-એવો જે સ્વભાવ એને કોઈ લઈ શકે, હરી શકે એમ છે નહિ. આચાર્ય સન્તોએ તો દરિયા ઉછાળ્યા છે. એકેક શબ્દમાં, એક એક અલિંગગ્રહણના અર્થમાં આખા ભગવાનને ઉછાળ્યો છે. જેનું સ્વરૂપ જ શુદ્ધ ચૈતન્યમય છે એને આશ્રયે જે ઉપયોગ થયો એ ઉપયોગ પણ જેમ ધ્રુવ ક્યાંય ન જાય એમ એનો ઉપયોગ પણ કોઈ હરણ કરી શકે નહિ. એ દેહ

છૂટીને સ્વર્ગમાં જાય તોય ઉપયોગ સાથે લઈને જાય. સ્વર્ગમાં જતી વખતે રસ્તામાં એ ઉપયોગ કામ ન કરી શકે તોપણ એ લબ્ધરૂપ છે એને કોઈ હણી શકે એમ બને નહિ.

આવું સ્વરૂપ છે, પણ અરેરે ! સાંભળવા મળે નહિ, આખી દુનિયા પાપમાં પડી છે. અહીં તો કહે છે કે પુણ્યમાં પડ્યા છે તે પણ પાપમાં પડ્યા છે. ભગવાનનો જ્ઞાનવિસ્તાર અંદર મોટો પડ્યો છે. વિશાળ....વિશાળ....જ્ઞાનવિશાળ....જેની પર્યાય લક્ષણ છે એ ઉપયોગ વિશાળ જ્ઞાનને આશ્રયે અંદર લક્ષથી જાહેર થાય એને હણે કોણ ? અહીં તો અપ્રતિહત ઉપયોગની વાત લીધી છે, મિથ્યાદૃષ્ટિ પડી જાય છે એની અહીં વાત છે જ નહિ. સન્તોએ તો કામ કર્યા છે ને ! અમને સ્વના લક્ષે જે ઉપયોગ પ્રગટ્યો એ ઉપયોગ હવે કાંઈ નાશ થાય એવો નથી, અમે એ ને એ ઉપયોગે કેવળજ્ઞાન લેવાના છીએ. કોઈ કહે કે વળી કર્મનો ઉદય આવે ને મિથ્યાપરિણામ થઈ જાય તો ?–તો કહે છે કે મીંઢળ ક્યાં માંડી તેં પહેલી આ ? પરણવા વખતે મરી જઈશ તો ?–એમ વિચારતો હશે ? એ તો જાણે સદાય જીવતા જ રહીશું એમ માને છે, ભલે પછી કાલે જ મરી જાય. તેમ અહીં તો ત્રણ લોકનો નાથે જ્યાં સ્વલક્ષે ઉપયોગ કર્યો છે એ ઉપયોગને કોઈ હરી જાય, હણાઈ જાય કે પરને લઈને ઘટી જાય એવું સ્વરૂપ એનાં ઉપયોગનું નથી. અહીં આચાર્ય-ભગવાન પોતાના ઉપયોગને અપ્રતિહત તરીકે જાહેર કરે છે.

[ પ્રવચન પ્રસાદ..........પાનું ૧૨ થી ચાલુ ]

ત્રિકાળી સહજતત્ત્વ છે એ તો શિવસ્વરૂપ છે, કલ્યાણ સ્વરૂપ છે. રાગાદિના ઉપદ્રવ રહિત છે. દેહમાં બિરાજમાન ભગવાન આત્મા કલ્યાણની મૂર્તિ છે, શિવસ્વરૂપ છે, તેથી તેમાંથી અકલ્યાણ પ્રગટે એવી એ વસ્તુ નથી.

કેવો છે ભગવાન આત્મા ?—કે સ્પષ્ટ–સ્પષ્ટ છે. બે વાર સ્પષ્ટ કહ્યું. કેમ કે પર્યાયમાં જણાયો તેથી પર્યાય પણ સ્પષ્ટ છે ને વસ્તુ પણ સ્પષ્ટ છે. વસ્તુ ગુપ્ત નથી. શક્તિવાળા તત્ત્વને અનુભવ્યું છે માટે પર્યાયમાં પણ સ્પષ્ટ દેખાયો ને વસ્તુ પણ સ્પષ્ટ છે, માટે સ્પષ્ટ સ્પષ્ટ છે.

ભગવાન આત્મા નિત્ય છે. સંવર–નિર્જરાની પર્યાય અનિત્ય છે. રાગની તો શું વાત કરવી ! પણ અવિકારી દશા પ્રગટ થાય તે પણ અનિત્ય છે, નિત્ય નથી. ભગવાન આત્મા નિત્ય છે. એ નિત્ય રાગથી જણાય નહીં ને નિત્યથી પણ જણાય નહીં, અનિત્ય એવી અવિકારી દશાથી જણાય. નિત્યના અવલંબે અનિત્યમાં ધર્મ પ્રગટે છે.

બાહ્ય પ્રપંચથી પરાન્મુખ પ્રભુ છે, વિકલ્પના પ્રપંચથી પરાન્મુખ છે અને સાચા મુનિને પણ મન ને વાણીથી દૂર છે એટલે કે મુનિને પણ મન ને વાણીથી જણાય નહીં એવો ભગવાન આત્મા છે, તેને અમે નમીયે છીએ. [ –શ્રી નિયમસાર, કળશ -૧૭૭ ]

## આત્મસ્વભાવ : રાગાદિકનો અકારક

આત્મા પોતાથી રાગાદિ વિકારનો અકર્તા જ છે. કેમ કે દ્રવ્ય ને ગુણ તો સદાય ભગવત્ સ્વરૂપ જ છે તેથી આત્મા સ્વભાવથી વિકારને કઈ રીતે કરે? જો આત્મા સ્વયં રાગાદિકનો અકારક ન હોત તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો દ્રવ્ય ને ભાવ એમ બે ભેદે ભગવાનનો ઉપદેશ છે તે બની શકે નહિ. ભગવાનનો ઉપદેશ છે કે પરદ્રવ્યની મમતા છોડ ને પરદ્રવ્યના લક્ષે થતાં રાગાદિને છોડ —તેનો અર્થ જ થયો કે પરદ્રવ્ય નિમિત્ત છે ને તેના લક્ષે પર્યાયમાં રાગાદિ ભાવ થાય છે એટલે કે આત્મા સ્વયં રાગાદિને કરતો નથી પણ પરદ્રવ્યના લક્ષે પર્યાયમાં વિકાર થાય છે. જેમ રાગાદિનો કર્તા આત્મા નથી તેમ પરદ્રવ્ય-નિમિત્ત પણ રાગાદિ કરાવતું નથી પરંતુ પરદ્રવ્યના લક્ષે પર્યાયમાં રાગાદિ થાય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એમ જાહેર કરે છે કે આત્મા રાગાદિકનો અકારક જ છે. સ્વભાવ કારણ ને વિકાર કાર્ય એવું છે જ નહીં. સ્વદ્રવ્યનો આશ્રય છોડીને પરદ્રવ્યનું લક્ષ કરે ત્યારે વિકાર થાય છે પરંતુ સ્વભાવના આશ્રયે વિકાર થતો જ નથી. માટે આત્મસ્વભાવ તો વિકારનો અકારક જ છે. જેવી રીતે સ્વદ્રવ્યનું લક્ષ કરે ત્યારે નિર્વિકારી પર્યાય થાય છે પરંતુ સ્વદ્રવ્ય તેનો કરતાં નથી. તેવી રીતે સ્વદ્રવ્યનું લક્ષ છોડીને પરદ્રવ્યનું લક્ષ કરે ત્યારે પર્યાયમાં વિકાર થાય છે પરંતુ તેનો કર્તા પરદ્રવ્ય પણ નથી ને આત્મા પણ તેનો કર્તા નથી. જો આમ ન માનવામાં આવે તો આત્માને રાગાદિકનું નિત્ય-કર્તાપણું આવી પડતાં મોક્ષનો જ અભાવ ઠરે. માટે ભગવાન આત્મા એકલો સ્વયં રાગાદિકનો અકારક જ છે.

[ શ્રી સમયસાર ગાથા ૨૮૩-૨૮૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે?-તે આચાર્યમહારાજ સમજાવે છે:—

આત્મા સ્વભાવથી રાગાદિનો અકારક જ છે. અતીન્દ્રિય જ્ઞાન અતીન્દ્રિય આનંદ

આદિ અનંતી અતીન્દ્રિય શક્તિરૂપ આત્મા જો વિકારી ભાવનો કર્તા હોય તો અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાનને ટાળવાનો ભગવાને ઉપદેશ કર્યો તે બની શકે નહીં. અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો સાગર પોતે દુઃખને કઈ રીતે કરે ? દુઃખને કરે એવું એનું સ્વરૂપ છે જ નહીં તેથી તો પ્રભુએ પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાનનો ઉપદેશ આપ્યો છે.

આત્મા પોતાથી રાગાદિનો અકારક જ છે. આત્માનું સ્વરૂપ જ એવું છે કે તેના આશ્રયે દયા-દાન આદિ થાય એવો એનો સ્વભાવ જ નથી. રાગનો ત્યાગ પણ આત્માને લાગુ પડતો નથી, એ તો અકારક જ છે. પોતાના આશ્રયે શુભ કે અશુભભાવ થાય એવું એનું સ્વરૂપ જ નથી. પરદ્રવ્યના લક્ષે પર્યાયમાં શુભાશુભ થાય છે પણ સ્વથી રાગ કરે એવું એનું સ્વરૂપ જ નથી. પરનો ત્યાગ કરનારો તો આત્મા નથી, જ્ઞાયક સ્વરૂપ પ્રભુ તો જ્ઞાયક જ છે તે રાગનો ત્યાગ કરે એ પણ વ્યવહાર છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે, જ્ઞાયક પરને છોડે એવું એના સ્વરૂપમાં નથી. આત્મા પોતાથી પુણ્ય-પાપના પરિણામનો તો અકારક જ છે. આવો એનો સ્વભાવ છે એમ અંદર દૃષ્ટિ થવી તે સમ્યગ્દર્શન છે.

આત્મા જો પોતાથી રાગાદિનો કર્તા હોય તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો—દ્રવ્ય ને ભાવનો ઉપદેશ બની શકે નહીં. પરથી ખસવું ને વિકારથી ખસવું એ દ્રવ્ય ને ભાવ પ્રતિક્રમણ અને પરનો ત્યાગ કરવો તથા વિકારનો ત્યાગ કરવો એ દ્રવ્ય ને ભાવ પ્રત્યાખ્યાન. નિમિત્તનું લક્ષ છોડી દે ને નિમિત્તથી થતા ભાવ તેને છોડી દે એવો જે ભગવાનનો ઉપદેશ છે એ એમ બતાવે છે કે એકલો આત્મા રાગનો કર્તા નથી, કેમ કે ભગવાનનો ઉપદેશ દ્રવ્ય ને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરે છે એટલે કે આત્માના અકર્તાપણાને જ જણાવે છે. રાગાદિ વિકારને છોડવાનો ઉપદેશ છે એ જ એમ બતાવે છે કે આત્માનો સ્વભાવ રાગાદિનો કર્તા નથી.

ભગવાનનો ઉપદેશ છે કે નિમિત્તની મમતા છોડ ને નિમિત્તે થતાં રાગાદિને છોડ- તેનો અર્થ જ થયો કે પરદ્રવ્ય નિમિત્ત છે ને રાગાદિ ભાવો નૈમિત્તિક છે. છોડવાનો ઉપદેશ છે તેનો અર્થ એ કે એના સ્વભાવમાં તો નથી, સ્વયં પોતાથી રાગાદિને કરતો નથી, પણ પોતાના સ્વભાવને ભૂલી પરદ્રવ્યના આશ્રયે પરદ્રવ્ય મારા છે એમ વિકારને કરે છે. પરના લઈને વિકાર થતો નથી પણ સ્વદ્રવ્યનું લક્ષ નથી ને પરનું લક્ષ છે તેથી નિમિત્તના લક્ષે નૈમિત્તિક-વિકાર થાય છે.

જો આત્મા પોતાથી રાગાદિનો કારક હોય તો ભગવાને કહ્યું કે રાગને છોડ—તો એવો ઉપદેશ બની શકે નહીં. જો આત્મા પોતાથી રાગાદિનો કર્તા હોય તો રાગના પ્રત્યાખ્યાન ને પ્રતિક્રમણનો ભગવાનનો ઉપદેશ બની શકે નહીં, કેમ કે એવો સ્વભાવ જ હોય

તો રાગને છોડવાનો ઉપદેશ બની શકે નહીં. પોતે પોતાથી જ દયા-દાન આદિ વિકારને કરે એવો સ્વભાવ હોય તો ભગવાને જે રાગને છોડવાનો ઉપદેશ આપ્યો તે બની શકે નહીં. ભગવાને રાગના પ્રત્યાખ્યાન ને પ્રતિક્રમણનો ઉપદેશ કર્યો તેનો અર્થ કે આત્મા પોતાથી રાગને કરે એવો એનો સ્વભાવ જ નથી. રાગના અભાવસ્વભાવ સ્વરૂપ જ ત્રિકાળી વીતરાગી આત્મા છે.

તારા દ્રવ્ય ઉપર લક્ષ નહીં હોવાથી બીજે ક્યાંક લક્ષ છે, તેથી તને નિમિત્તના સંસ્કાર રહી ગયા છે, તેથી તેના ત્યાગનો ઉપદેશ છે. તેનો અર્થ જ એ થયો કે આત્મા સ્વયં રાગાદિકને કરતો નથી. પરદ્રવ્યના લક્ષની મમતા ને પરદ્રવ્યના લક્ષે થતાં વિકાર નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરે છે તે એમ બતાવે છે કે આત્મા વિકારને કરતો નથી. પરદ્રવ્યના નિમિત્તના સંબંધે વિકાર થાય છે પણ દ્રવ્ય કર્તા નથી. નિમિત્ત-નૈમિત્તિકપણાના સંબંધમાં જાય તો પર્યાયમાં રાગાદિનો કર્તા થાય પરંતુ આત્મદ્રવ્ય તો કર્તા છે જ નહીં.

ભગવાન આત્મા પોતાથી વિકારનો અકારક જ છે, કેમ કે દ્રવ્ય ને ગુણ તો ભગવત્ સ્વરૂપ જ છે, તેથી તે વિકારનો કર્તા કેમ થાય? તેથી પોતે પોતાથી તો રાગાદિનો અકારક જ છે. જો એમ ન હોય તો પ્રત્યાખ્યાન ને પ્રતિક્રમણનો જે ઉપદેશ છે તે નિરર્થક બને. નિમિત્ત-નૈમિત્તિકસંબંધે રાગાદિ અદ્ધરથી ઊભા થાય છે પણ વસ્તુમાં નથી માટે તો તેને છોડવાનો ને તેના ત્યાગનો ઉપદેશ કર્યો છે.

પરથી પાછું હઠવું ને ભવિષ્યમાં પરમાં જોડાવું નહીં એવો જે ઉપદેશ છે એ એમ બતાવે છે કે આત્મા સ્વભાવથી રાગાદિકનો અકારક છે. જેમ ભગવાન જ્ઞાયકસ્વરૂપી પ્રભુ રાગને કરતો નથી તેમ પરથી-નિમિત્તથી પણ રાગ થતો નથી, પરંતુ પોતાનું લક્ષ છોડીને પરના લક્ષે પર્યાયમાં રાગ થાય છે. વર્તમાન રાગનો ત્યાગ કર ને ભવિષ્યના રાગનો ત્યાગ કર એમ જે કહેવું છે તેનો અર્થ કે સ્વભાવથી રાગ કરે એવો આત્માનો સ્વભાવ નથી. પોતાનામાં જે નથી એવા પરનું-નિમિત્તનું લક્ષ કરીને પર્યાયમાં રાગ કરે છે. જેમ ભગવાન આત્મા રાગને કરતો નથી તેમ નિમિત્ત પણ રાગને કરતો નથી પણ નિમિત્તના લક્ષે રાગ થાય છે.

પ્રભુ! તારામાં તો જ્ઞાન-દર્શન ને આનંદ જ ભર્યા છે, રાગાદિ તારામાં છે જ નહીં તેથી તો ભગવાને નિમિત્તના લક્ષે થતાં વર્તમાન રાગાદિને ને ભવિષ્યના રાગાદિને છોડવાનો ઉપદેશ કર્યો છે. અપ્રતિક્રમણના બે પ્રકાર : દ્રવ્ય ને ભાવ. પરનિમિત્ત તે દ્રવ્ય ને પર નિમિત્તના લક્ષે થયેલો રાગ તે ભાવ. તેવી રીતે અપ્રત્યાખ્યાનના બે પ્રકાર-દ્રવ્ય ને ભાવ.

ભગવાન આત્મા સ્વયં તો વિકારનો કર્તા નથી પણ પરદ્રવ્ય નિમિત્ત ને તેની પર્યાય નૈમિત્તિક એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી વિકાર થાય છે એ એમ બતાવે છે કે ભગવાન

સ્વયં રાગાદિનો કર્તા નથી. ભગવાનનો દ્રવ્ય ને ભાવ એમ બે ભેદે અપ્રત્યાખ્યાન ને અપ્રતિક્રમણનો જે ઉપદેશ છે તે નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરે છે. તેનો અર્થ એ કે સચ્ચિદાનંદ પ્રભુ સ્વયં રાગને ઉત્પન્ન કરે એ વસ્તુમાં છે જ નહીં. પરદ્રવ્ય નિમિત્ત અને તેના લક્ષે થતો વિકારીભાવ નિમિત્ત-નૈમિત્તિકપણું જાહેર કરે છે એટલે કે જ્ઞાયકભાવ પોતાના આશ્રયે રાગ શી રીતે કરે?-રાગ થાય તો છે!-કે નિમિત્તનું લક્ષ કરે છે તેથી રાગ થાય છે પણ આત્મા પોતે સ્વ આશ્રયે રાગાદિકને કરતો નથી.

સ્વભાવ કારણ ને વિકાર કાર્ય-એવું છે જ નહીં. પરદ્રવ્યનું લક્ષ જાય છે તે નિમિત્ત છે, તે નિમિત્તના આશ્રયે-નિમિત્તના લક્ષે વિકાર થયો તે નૈમિત્તિક છે. સ્વદ્રવ્યનો આશ્રય છોડીને પરદ્રવ્યનું લક્ષ કર્યું ત્યારે વિકાર થયો માટે પરદ્રવ્ય નિમિત્ત છે ને વિકારીભાવ નૈમિત્તિક છે. બંધનો ભાવ સ્વભાવના આશ્રયે નહીં ને નિમિત્તથી નહીં પણ નિમિત્તના લક્ષે પોતાના અપરાધથી વિકાર થાય છે.

અહીં દ્રવ્યને વિકારનો અકારક સિદ્ધ કરવો છે. પર્યાય દૃષ્ટિએ નિમિત્તના લક્ષમાં જતાં વિકાર થયો છે તેને છોડી દે એવો જે ઉપદેશ છે તેનો અર્થ જ એ કે પરથી વિકાર થયો નથી તથા સ્વભાવના કારકપણાથી વિકાર થયો નથી પણ સ્વનું લક્ષ છોડીને પરના લક્ષે અદ્ધરથી વિકારક થયો છે.

વાત ઝીણી છે પણ વખત લઈને વિચારવા જેવી છે. મનુષ્યભવનો કાળ થોડો છે ને વખત ચાલ્યો જાય છે માટે ભાઈ, વખત લઈને આ કરવા જેવું છે. અહીં શું કહે છે?-કે ભગવાન આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે; પણ રાગ છે ને?-કે દ્રવ્ય-અપ્રતિક્રમણ ને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનથી રાગ થાય છે એટલે કે પર નિમિત્તના લક્ષે રાગદિ થાય છે. ભગવાન તું ભગવંતસ્વરૂપ છો, તું પોતે વિકાર કરે એવું તારા સ્વરૂપમાં છે જ નહીં. પર્યાયમાં રાગ થાય છે ને?-કે એ તો પર નિમિત્તના લક્ષમાં જાય છે ત્યારે નૈમિત્તિક રાગાદિભાવ થાય છે. તેથી નિમિત્ત-નૈમિત્તિકપણું આત્માને રાગાદિનું અકારકપણું જ સિદ્ધ કરે છે.

રાગ થાય છે તો ખરો!-કે એ દોષ છે તે દ્રવ્ય-સ્વભાવનો આશ્રય ન હોવાથી પર નિમિત્તના લક્ષે રાગાદિક થાય છે. તેથી એ નિમિત્ત-નૈમિત્તિકપણું આત્મા પોતાથી રાગાદિકનો અકારક છે એમ જાહેર કરે છે. દ્રવ્ય ને ભાવ એમ બે પ્રકારનો જે ઉપદેશ છે તે નિમિત્ત-નૈમિતિકપણાને જાહેર કરતો થકો આત્મા રાગાદિકનો અકારક છે એમ સિદ્ધ કરે છે. પરદ્રવ્યનું લક્ષ એ નિમિત્ત તેના લક્ષે થતો વિકારી ભાવ એ નૈમિત્તિક-એમ જે નિમિત્ત-નૈમિત્તિકપણું છે તે આત્માના અકારકપણાને જ સિદ્ધ કરે છે. દયા-દાન આદિના નૈમિત્તિકભાવ નિમિત્તના

લક્ષે થાય છે પણ સ્વભાવના લક્ષે થતાં નથી. પર્યાયબુદ્ધિએ નિમિત્તના લક્ષે વિકાર થાય એ એમ સિદ્ધ કરે છે કે આત્મા પોતે રાગાદિકનો અકારક જ છે.

ભગવાનનો ઉપદેશ છે કે ભગવાન આત્મા પોતાનો આશ્રય છોડીને પરદ્રવ્યનું લક્ષ કરીને નિમિત્તના લક્ષે વિકારભાવ કરે છે એટલે કે તે ઉપદેશ નિમિત્ત-નૈમિત્તિકપણું જાહેર કરે છે, એ એમ સિદ્ધ કરે છે કે આત્મા પોતાના લક્ષે વિકાર કરે નહીં માટે આત્મા પોતાથી વિકારનો અકારક છે. પરવસ્તુ વિકાર કરાવતું નથી પણ સ્વદ્રવ્યનું લક્ષ છોડી નિમિત્તના લક્ષે જાય છે ત્યારે વિકાર કરે છે. તેનો અર્થ એ કે સ્વદ્રવ્યનો સ્વીકાર કર તો વીતરાગનો માર્ગ—મુક્તિનો માર્ગ ઉત્પન્ન થાય. પરંતુ મુક્તિનો માર્ગ ઉત્પન્ન થતો નથી ત્યારે છે શું ?-કે સ્વદ્રવ્યનું લક્ષ છોડીને નિમિત્તનું લક્ષ કરે ત્યારે રાગાદિક થાય છે. સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે પર્યાયમાં નિર્વિકારી પર્યાય થાય છે. સ્વદ્રવ્ય નિર્વિકારી પર્યાયને કરતું નથી પણ સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે પર્યાયમાં નિર્વિકારી પરિણમન થાય છે અને તેવી રીતે સ્વદ્રવ્યનું લક્ષ છોડીને નિમિત્તનું લક્ષ કરે છે ત્યારે વિકારી પરિણમન થાય છે પણ જેમ સ્વદ્રવ્ય નિર્વિકારી પરિણામને કરતું નથી તેમ નિમિત્ત-પરદ્રવ્ય વિકારી પર્યાયને કરતું નથી પણ પરદ્રવ્યના લક્ષે પર્યાયમાં વિકાર થાય છે. જેમ પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે સ્વદ્રવ્યનું લક્ષ કરીને મોક્ષનો માર્ગ-નિર્વિકારી પરિણામ થાય છે તેમ વિકારી પર્યાય થાય છે તે પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે પરદ્રવ્યનું લક્ષ કરીને વિકારી પરિણમન થાય છે. જેમ નિર્વિકારી દશા સ્વદ્રવ્ય કરાવતું નથી પણ પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે થાય છે તેમ જે વિકારી પરિણામ થાય છે તેને પરદ્રવ્ય કરાવતું નથી પણ પોતાના ષટ્-કારકથી સ્વતંત્રપણે પરદ્રવ્યનું લક્ષ કરીને વિકારી પરિણામ થાય છે અને એ એમ સિદ્ધ કરે છે કે આત્મા પોતે એકલો વિકારને કરે એવું એનું સ્વરૂપ છે જ નહીં એટલે કે આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે. પવિત્રતાનો પિંડ પ્રભુ છે તેથી તેના આશ્રયે પવિત્રતા જ થાય, અપવિત્રતા-પુણ્ય-પાપ ન થાય, માટે આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે.

નિર્મળ અતીન્દ્રિય આનંદકંદ જેનો સ્વભાવ છે એવો ભગવાન પોતાથી વિકારનો અકારક છે. કેમકે અનંત ગુણમાં કોઈ ગુણ વિકાર કરે એવો છે જ નહીં. તેથી આત્મા સ્વતઃ દયા-દાનના પરિણામનો અકારક ઠરે છે. રાગાદિ થાય તો છે ને ?-કે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે માટે વિકાર થાય છે. જેમ સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે નિર્વિકારી પરિણમન થાય છે પણ તેને સ્વદ્રવ્ય કરતું નથી, પોતાના ષટ્કારકથી એ નિર્વિકારી પરિણમન થાય છે, તેમ પરદ્રવ્ય વિકારી પરિણમન કરાવતું નથી પણ સ્વતંત્રપણે પોતાના ષટ્કારકથી પરદ્રવ્યનું લક્ષ કરીને વિકારી પરિણમન થાય છે. એટલે કે પરદ્રવ્ય નિમિત્ત ને વિકારી પરિણામ નૈમિત્તિક

છે. આ નિમિત્ત-નૈમિત્તિકપણું એમ જાહેર કરે છે કે આત્મા પોતાથી વિકારનો અકારક છે. નિમિત્ત-નૈમિત્તિકપણું આત્માના અકારકપણાને જ જણાવે છે. નિમિત્ત-નૈમિત્તિકપણું એમ જાહેર કરે છે કે આત્મા એકલો નિમિત્તના લક્ષ વિના રાગાદિનો અકારક જ છે, જ્ઞાયકપ્રભુ એકલો વિકારનો અકર્તા છે, કેમ કે દ્રવ્ય-ગુણ નિર્વિકારી છે તો તે પર્યાયમાં વિકારને કેમ કરે? પણ વિકાર થાય છે ને?-કે એ તો નિમિત્તનું લક્ષ કરે છે માટે પર્યાયમાં વિકાર થાય છે અને એ એમ જાહેર કરે છે—નિમિત્ત-નૈમિત્તિકપણું એમ જણાવે છે કે આત્મા અકારક છે.

જો પરના નિમિત્તે વિકાર થાય એમ ન હોય તો આત્માને એકલાને વિકારનું કર્તાપણું આવી શકે અને આત્મા નિત્ય હોવાથી વિકારનું નિત્યકર્તાપણું આવી પડતાં આત્માનો મોક્ષ જ થાય નહીં. તેથી એમ સિદ્ધ થયું કે આત્માના લક્ષે વિકાર થાય નહીં પણ સ્વદ્રવ્યનું લક્ષ છોડી પરદ્રવ્યનું લક્ષ કરે છે તેથી વિકાર થાય છે ને તેથી તે રખડે છે.

પરદ્રવ્ય નિમિત્ત છે ને તેને સંગે થતો વિકારી ભાવ નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં ન આવે તો દ્રવ્ય અપ્રતિક્રમણ ને દ્રવ્ય અપ્રત્યાખ્યાનનો ઉપદેશ નિરર્થક જ થાય. અને તો આત્માને એકલાને વિકાર કરવાનું આવી પડતાં આત્માને નિત્યકર્તાપણું આવી પડે, અને તો મોક્ષનો અભાવ ઠરે. માટે પરદ્રવ્ય આત્માના રાગાદિભાવનું નિમિત્ત છે. નિમિત્ત હો, નિમિત્તના લક્ષે રાગાદિ થાય છે પણ નિમિત્ત રાગાદિ કરાવતું નથી.

માટે એમ સિદ્ધ થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે ને આત્માના વિકારીભાવ નૈમિત્તિક છે. જો આમ ન માને તો ભગવાને એમ કહ્યું કે પરદ્રવ્યનું લક્ષ કરતા તને રાગાદિ થાય છે-એવો દ્રવ્ય-અપ્રતિક્રમણ ને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનના કર્તાપણાનો ઉપદેશ નિરર્થક થાય. અને તો આત્માને રાગાદિનું કર્તાપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો આત્માને પ્રસંગ આવે. જો નિમિત્ત-નૈમિત્તિક સંબંધે રાગાદિ થાય છે એમ ન માન તો એકલા આત્માને પરના લક્ષ વિના રાગાદિનું કર્તાપણું આવી પડે અને આત્મા તો નિત્ય હોવાથી આત્માને રાગાદિનું નિત્યકર્તાપણું આવી પડતાં મોક્ષનો અભાવ ઠરે. નિમિત્તના લક્ષે નૈમિત્તિક છે એમ જો ન માનવામાં આવે તો એકલા આત્માને રાગાદિનું કર્તાપણું આવી પડે અને આત્માને તો નિત્યકર્તાપણાને પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે—આત્માનો મોક્ષ થાય નહીં.

માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિક ભાવોનું નિમિત્ત હો. નિમિત્ત હો એટલે?-કે નિમિત્તનું લક્ષ કરે છે ત્યારે રાગાદિક થાય છે, નિમિત્ત લક્ષ કરાવતું નથી પણ સ્વદ્રવ્યનું લક્ષ છોડીને પરદ્રવ્યનું લક્ષ કરે છે અને તેથી રાગાદિક થાય છે. પરદ્રવ્યથી-નિમિત્તથી વિકાર થતો નથી પણ નિમિત્તના આશ્રયે વિકાર થાય છે. જો પરના લક્ષ વિના વિકાર થાય તો આત્મા ત્રિકાળી છે તેથી ત્રિકાળીના લક્ષે ત્રિકાળ વિકાર થાય તેથી તેનાથી છૂટવું

થાય નહીં. માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિકનું નિમિત્ત હો. એટલે કે મિથ્યાભ્રાન્તિ કરે છે તે સ્વદ્રવ્યના લક્ષે કરતો નથી પણ પરદ્રવ્યના લક્ષે કરે છે. પરંતુ પરદ્રવ્ય મિથ્યાભ્રાન્તિ કરાવે છે એમ નથી.

આત્મા તો પરમેશ્વર છે ભાઈ! પણ તને ખબર નથી. અનંતી પ્રભુતા ને પવિત્રતા તેમાં ભરી છે, તેના આશ્રયે જો વિકાર થાય તો આત્મા નિત્ય હોવાથી વિકારનું નિત્યકર્તાપણું આવી પડે ને મોક્ષનો અભાવ ઠરે. માટે આત્મા પોતાથી વિકારનો અકારક જ છે. પણ વિકાર થાય છે ને? કે ભગવાન આત્માને ભૂલીને જેનામાં એ નથી એવા પરદ્રવ્યનું લક્ષ કરે છે તેથી વિકાર થાય છે. પ્રભુ! તું પામર નથી કે તારા આશ્રયે તને વિકાર થાય. પણ તને ભૂલીને જે તારામાં નથી તેના આશ્રયે–પરદ્રવ્યનું લક્ષ ને આશ્રય પોતે કરે છે તેથી વિકાર થાય છે. ભગવાન આત્માનો આદર ને આશ્રય નહીં કરીને પરદ્રવ્યનો આદર ને આશ્રય કરે છે તેથી વિકાર થાય છે.

માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિકનું નિમિત્ત હો. પરંતુ નિમિત્ત રાગાદિ કરાવે છે એમ નથી અને નિમિત્તના આશ્રયે વિકાર થાય છે તેથી એમ સિદ્ધ થયું કે આત્મા વિકારનો અકારક જ છે. પરનો આશ્રય કરે તો પર્યાયમાં મલિન દશા થાય ને સ્વનો આશ્રય કરે તો પર્યાયમાં નિર્મળ દશા થાય. બીજી રીતે કહીયે તો પરદ્રવ્યના લક્ષે વિકાર થાય તેનો અર્થ કે દેવ–શાસ્ત્ર–ગુરુના લક્ષે શુભરાગ થાય ને સ્ત્રી–પુત્રના લક્ષે અશુભરાગ થાય.

માટે આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું, તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત પરદ્રવ્યનું પ્રતિક્રમણ ને પચખાણ કરતો નથી ત્યાં સુધી તે પુણ્ય–પાપ ને મિથ્યાત્વભાવને છોડતો નથી. જ્યાં સુધી પરદ્રવ્ય તરફથી ખસતો નથી, તેના તરફનું લક્ષ ને આશ્રય પ્રતિક્રમતો નથી ને પચખ તો નથી ત્યાં સુધી તેના લક્ષે થતાં વિકારને પણ પ્રતિક્રમતો નથી ને પચખ તો નથી.

જ્યાં સુધી આત્મા નિમિત્તને છોડતો નથી એટલે કે નિમિત્તનું લક્ષ છોડતો નથી ત્યાં સુધી વિકારને છોડતો નથી. કેમ કે ત્યાં સુધી નિમિત્તના લક્ષે વિકાર થયા વિના રહે જ નહીં. જેમ સ્વદ્રવ્યના લક્ષે વીતરાગતા થયા વિના રહે જ નહીં તેમ જ્યાં સુધી નિમિત્તનું લક્ષ છે ત્યાં સુધી રાગ થયા વિના રહે જ નહિ. નિમિત્ત રાગ કરાવતું નથી પણ નિમિત્તનું લક્ષ છોડતો નથી ત્યાં સુધી નૈમિત્તિક-વિકારને પણ છોડતો નથી. તેથી ત્યાં સુધી તે ભાવનો કર્તા જ છે.

એ રીતે જો કે આત્મા સંસારની વિકારી દશાનો અકારક જ છે. તોપણ જ્યાં સુધી તે પોતાના સિવાયના પરદ્રવ્યનું લક્ષ ન છોડે ને પરદ્રવ્યના લક્ષે થતાં નૈમિત્તિક ભાવને

છોડતો નથી એટલે કે પ્રતિક્રમતો નથી ને પચખતો નથી ત્યાં સુધી વિકારી ભાવોનો કર્તા જ છે. અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ આત્મા સ્વના આશ્રયે વિકાર કરે એમ તો ત્રણ કાળમાં બને નહીં પણ પોતાને આશ્રય છોડી જે એનામાં નથી એવા પરદ્રવ્યનો આશ્રય લે છે તેથી વિકાર થાય છે. તેથી નિમિત્તનું લક્ષ છોડ ને નિમિત્તના લક્ષે થતાં વિકારનું લક્ષ છોડ અને એ બન્ને જેમાં નથી એવા આત્માનું લક્ષ કર તો સમ્યગ્દર્શન થશે.

પરનું લક્ષ કરે ત્યાં સુધી વિકાર થયા વિના રહે જ નહીં ને એ પરથી મને લાભ થાય છે એમ માને ત્યાં સુધી મિથ્યાત્વ થયા વિના રહે જ નહીં ને એ મિથ્યાત્વ અનંત સંસારનું કારણ થાય. તેથી જ્યાં સુધી પરદ્રવ્ય તરફનું વલણ ન છોડે ને પરદ્રવ્યના લક્ષે થતાં વિકાર ને મિથ્યાત્વ ન છોડે ત્યાં સુધી વિકાર ને મિથ્યાત્વનો કર્તા જ છે. વીતરાગદેવ કહે છે કે અમારી સામું જો તો તને રાગ થશે ને તેનાથી તને લાભ થાય એમ માને તો મિથ્યાત્વ થશે ને ત્યાં સુધી તેનો કર્તા તુ જ છો. નિમિત્તના લક્ષે થતો નૈમિત્તિકભાવ એમ જાહેર કરે છે કે આત્મા સ્વયંને ભૂલીને પરના લક્ષે રાગને કરે છે પણ ભગવાન એકલો સ્વંય રાગનો કર્તા ત્રણકાળ ત્રણલોકમાં છે જ નહીં.

જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને છોડે છે એટલે કે નિમિત્તભૂત દ્રવ્યનું લક્ષ છોડે ત્યારે તેના લક્ષે થતાં વિકારીભાવને પણ લક્ષમાંથી છોડે છે. જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે ને પચખે છે ત્યારે નૈમિત્તિક ભાવને–વિકારને પ્રતિક્રમે છે ને પચખે છે, તેનું નામ ધર્મ છે. એ ધર્મ ક્યારે થાય?–કે પોતાના આત્મા સિવાય અનંતા પરદ્રવ્યોનું લક્ષ છોડે ત્યારે તેના લક્ષે થતાં નૈમિત્તિકભાવને પ્રતિક્રમે છે ત્યારે ધર્મ થાય છે. અને જ્યારે નૈમિત્તિકભાવને પ્રતિક્રમે તથા પચખે છે ત્યારે સાક્ષાત્ અકર્તા થાય છે. સાક્ષાત્ અકર્તા એટલે શું?–કે વસ્તુ તરીકે આત્મદ્રવ્ય તો વિકારનો અકારક જ છે પણ જ્યારે પર્યાયમાં નિમિત્તના લક્ષને ને નિમિત્તના લક્ષમાં થતાં વિકારને છોડે છે, પ્રતિક્રમે છે, પચખે છે ત્યારે પર્યાયમાં વિકારનો અકારક થાય છે ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે. જેવું દ્રવ્ય ને ગુણ અકારક છે તેવું પર્યાયમાં પણ અકારક જ છે માટે સાક્ષાત્ અકર્તા જ છે.

---

## મહારાષ્ટ્રમાં શિક્ષણ–પ્રશિક્ષણ શિબિર.

આશીમ (મહારાષ્ટ્ર) માં તા. ૧૯–૫–૮૦ થી તા. ૭–૬–૮૦ સુધી શ્રી ટોડરમલ સ્મારક સંસ્થા (જયપુર)ના સહકારથી (ચૌદમા) આધ્યાત્મિક શિક્ષણ–પ્રશિક્ષણ શિબિરનું આયોજન રાખવામાં આવ્યું હતું. શિબિરનું ઉદ્ઘાટન કરતાં ડૉ. ભાગચંદજી જૈને (ડી. લિટ.) કહ્યું કે, "પૂજ્ય કાનજીસ્વામી આ યુગના મહાન ક્રાન્તિકારી યુગપુરુષ છે. તેઓશ્રીએ ધર્મના વર્તમાન વિકૃત સ્વરૂપને પરિમાર્જિત કરીને તેના વિશુદ્ધ સ્વરૂપને પ્રચારિત કરેલ છે. અમારી શુભ કામના છે કે આવા શિબિર દ્વારા ઘરઘરમાં વીતરાગ વિજ્ઞાનનો પ્રસાર હો." તદુપરાંત વિભિન્ન વક્તાઓએ પણ પોતાના ભાવો વ્યક્ત કર્યા હતા. શિબિરમાં એક હજારથી અધિક વ્યક્તિઓએ બહારગામથી આવીને લાભ લીધો હતો.




પ્રશ્નઃ-અમે આખો દિવસ સવારથી સાંજ સુધી પરના કાર્ય કરીએ છીએ ને ન કરવું તેમ આપ કહો છો ?

ઉત્તરઃ-પરનું ન કરવું એમ નહિ, પણ પરનું કાર્ય કરી શકતો જ નથી. ન કરવું એમાં તો પરનું કરી શકે છે પણ કરવું નહિ એમ આવે છે (-એવો અર્થ થાય છે) પણ અહીં તો આત્મા શરીરાદિ પરદ્રવ્યનું કાર્ય કિંચિતમાત્ર પણ કરી શકતો જ નથી. પરનું કરવાની એનામાં શક્તિ જ નથી છતાં પણ હું આખો દિવસ પરના કાર્ય કરું છું તેમ માનવું એ જ મિથ્યાત્વનું મોટું પાપ છે. એક વસ્તુ અન્ય વસ્તુની બહાર લોટે છે. અન્ય વસ્તુથી બહાર લોટતી વસ્તુ અન્યને શું કરી શકે? પાણીથી બહાર લોટતી અગ્નિ પાણીને અડયા વિના ગરમ શી રીતે કરી શકે? શાકથી બહાર લોટતી છરી શાકના કટકા શી રીતે કરે? શાકના કટકાની પર્યાય વસ્તુથી પોતાથી જ સ્વયં થાય છે, તેને બહાર લોટતી વસ્તુ અડતી જ નથી તો તેને કરે શું ? સમયસાર ગાથા ૩માં કહ્યું છે કે દરેક વસ્તુ પોતાના ગુણ પર્યાયને સ્પર્શે છે, ચુંબે છે પણ અન્ય વસ્તુને અડતી કે સ્પર્શ કરતી નથી, તો અન્ય વસ્તુ અન્ય વસ્તુને કરે શું ? સ્રીનો હાથ વેલણની બહાર લોટે છે, વેલણ રોટલીથી બહાર લોટે છે, તો બહાર લોટતી વસ્તુ અન્ય વસ્તુને કરે શું ? માત્ર કર્તાપણાનું અભિમાન અજ્ઞાની કરે છે. દરેક વસ્તુ પોતપોતાથી સ્વતંત્ર પરિણમે છે. એવો સર્વજ્ઞ ભગવાનનો દિવ્યધ્વનિમાં ઢંઢેરો છે, છતાં એક દ્રવ્યને હું કરી શકું છું, પલટી શકું છું-એવી માન્યતામાં અનંતા પદાર્થોને હું પલટી શકું છું-એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે.

* અહીં તો પહેલાં એ વિચાર કે એની સત્તા છે-હયાતિ છે તે ત્રિકાળ રહેવાની છે, તો તે અહીંથી દેહ છૂટતાં બીજે તો જવાનો જ છે. કેમ કે દેહ તો રહેવાનો નથી જ, બીજે જશે જ તો કયાં જશે ? એનો નિર્ણય એને કરવો પડશે ને ! જો આત્માને ઓળખીને ભાન કરશે તો આત્મામાં રહેશે પણ જો ભાન નહિ કરે

તો દેહમાં દૃષ્ટિ પડી છે તેથી ચારગતિમાં રખડશે ને દુઃખોને ભોગવશે. એને પોતાની ઉપર દયા કરીને પોતાની ઓળખાણ કરી લેવાના આ ટાણા છે. ભાઈ! આવા ટાણા ફરી ક્યારે મળશે?

* નિગોદના જીવને એક શ્વાસમાં ૧૮ ભવ થાય. એક અંતર્મૂહુર્ત અંદર એટલે અડતાલીશ મિનીટ અંદર '૬૬૩૩૬' ભવ નિગોદના જીવ કરે છે-એમ ભગવાન સર્વજ્ઞે જોયું છે. આહાહા! એક અંતમૂહુર્ત અંદર '૬૬૩૩૬' ભવ કરે એ દુઃખ કેટલું? એ સાંભળતાં એને અંદરથી ધા વાગવો જોઈએ. એવા દુઃખો તો અનંતકાળ ભોગવ્યા. અરે! નરકના દુઃખો પણ એટલા છે કે કરોડો જીભો વડે કરોડો વર્ષે પણ કહી શકાય નહિ એટલા દુઃખો તેં અનંતવાર ભોગવ્યા છે. ભાઈ! હવે મનુષ્યપણું મળ્યું છે તો એ દુઃખોથી છૂટવા એવા દુઃખોથી રહિત એટલે કે તેના કારણભૂત શુભાશુભ ભાવથી રહિત પરમાનંદસ્વરૂપ આત્મા છે તેની ઓળખાણ ને દૃષ્ટિ કર તો ભવના દુઃખોથી છૂટકારો થાય.

* આત્મલક્ષ્મી તે જ સાચી લક્ષ્મી છે અને તે જ શાહૂકાર છે. જડની લક્ષ્મીવાળો તો પરને પોતાનું માનતો હોવાથી ચોર છે. આત્મલક્ષ્મીનો મહિમા આવે તેને બીજા બધાનો મહિમા ઊડી જાય.

પ્રશ્નઃ-ત્રિકાળી આત્મદ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય એનું શું કારણ?

ઉત્તરઃ-ત્રિકાળી આત્મદ્રવ્ય એ જ મૂળ વસ્તુ છે. ત્રિકાળી દ્રવ્યમાં આનંદ ભર્યો છે, તેથી ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેતાં પર્યાયમાં આનંદરૂપ ધર્મદશા પ્રગટ થાય છે.

* એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું-સ્પર્શતું નથી તેથી એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ જ કરી શકતું નથી. મુનિઓ કહે છે કે આવી વાત અજ્ઞાનીને પાગલ જેવી લાગશે, પણ છે પરમ સત્ય વાત. આ લોકમાં એક વસ્તુને બીજી વસ્તુની સાથે સઘળોય સંબંધ નિષેધવામાં આવ્યો છે ત્યાં કર્તા-કર્મની ઘટના હોતી નથી. આચાર્યદેવ ખેદ પૂર્વક કહે છે કે અરેરે! આવા વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તેઓ બિચારાનું પુરુષાર્થરૂપી પરાક્રમ અજ્ઞાનમાં ડૂબી ગયું છે. કર્મ, શરીર, વાણી આદિ પરદ્રવ્યથી આત્મા તદ્દન ભિન્ન છે છતાં કર્મ, શરીર, વાણી આદિનો કર્તા આત્મા છે તેમ માનનાર બિચારાનું પુરુષાર્થરૂપી પરાક્રમ અજ્ઞાનમાં ડૂબી ગયું છે.

* એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો નહિ પણ અડે પણ નહિ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આત્મા માત્ર જ્ઞાયક પરમાનંદસ્વરૂપ છે. આ ભગવાન સર્વજ્ઞદેવનો દિવ્યધ્વનિનો પોકાર છે. આવી અધ્યાત્મની સૂક્ષ્મ વસ્તુ આ કાળે જેને અંદરમાં રુચિ ને પરિણમી જાય છે એવા જીવોને એક-બે-ચાર ભવ

જ હોય, વધુ હોય નહિ–એમ શાસ્ત્રમાં આવે છે. કેમ કે આ કાળે કેવળી નથી, અવધિજ્ઞાની કે મનઃપર્યયજ્ઞાની નથી, આશ્ચર્યના કારણો ઇન્દ્ર આદિ દેવનું આવવું થતું નથી, ચક્રવર્તી આદિ ચમત્કારિક કોઈ ચીજ નથી, છતાં આ અધ્યાત્મનું સૂક્ષ્મ તત્ત્વ અંદરમાં રુચિ જાય છે એના ભાવ વિશેષ છે એથી એને ભવ વધુ હોય નહિ.

* અરે! આવી સત્યની વાત હતી જ કયાં? જેને આ સત્ય વાત સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતાં સાંભળતાં સત્યના સંસ્કાર નાખે છે તેને સંસ્કાર નાખતાં નાખતાં અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર પાંચ કલાક આનું આ સાંભળવું–વાંચવું હોય તેને શુભભાવ એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય, કોઈ જુગલીયા થાય, કોઈ મહાવિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળવાનું પણ નથી એવા ઘણા જીવો તો મરીને ઢોરમાં જવાના. અરે! આવા મનુષ્યના માંડ મોંઘા અવતાર મળે અને પોતાનું હિત નહિ કરે તો ક્યારે કરશે? ખરેખર તો સત્યનું ચાર પાંચ કલાક દરરોજ વાંચન–શ્રવણ આદિ હોવું જોઈએ. ભલેને વેપાર ધંધા કરતા હોય પણ આટલો તો વખત પોતાને માટે કાઢવો જોઈએ. આવા સત્યના સંસ્કાર લાગી જાય અને ઊંડાણમાં એ સંસ્કાર પડી જાય એને ભવ જાજા હોય નહિ. અહીંના સાંભળનારા ઘણા તો રુચિથી આ સંસ્કાર ઊંડા નાખે....ધારણ જ્ઞાન થવું તે જુદી ચીજ છે. અંદરમાં અવ્યક્ત રુચિ થવી જોઈએ. ભેદજ્ઞાનના સંસ્કાર ઊંડાણથી નાખવા જોઈએ. એને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો! આ વાત કોઈ અપૂર્વ છે. એમ પોતાથી અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રુચિવાળો આગળ વધતો જાય છે.

પ્રશ્નઃ–અંદરમાં ઉતરવા માટે રુચિની જરૂર છે કે બીજી કાંઈ ભૂલ છે?

ઉત્તરઃ–અંદરમાં ઉતરવા માટે સાચી રુચિની જરૂર છે પણ એ રુચિ માટે બીજો ન કહી શકે, પોતાથી નક્કી થવું જોઈએ. સાચી રુચિ થાય તો આગળ વધતો જાય અને પોતાનું કામ કરી લ્યે છે.

* સંતોની વાણીનો ઘણો વિનય જોઈએ. સંતો અંદર આનંદમાં ઊતરી ગયા છે ને વાણી નીકળી છે, એ વાણીને સમજવામાં ઘણો વિનય જોઈએ. પોતાને ન સમજાય તો કઈ નયનું કથન છે એ સમજવું જોઈએ.

પ્રશ્નઃ–સૂક્ષ્મ ઉપયોગ એટલે શું?

ઉત્તરઃ–અંદર આત્મા ધ્રુવવસ્તુ પડી છે તેને પકડે તે ઉપયોગ સૂક્ષ્મ છે, પુણ્ય-પાપ પરિણામમાં રોકાય તે ઉપયોગ સ્થૂલ છે.

પ્રશ્નઃ–ઉપયોગ સૂક્ષ્મ કેમ થાય?

ઉત્તરઃ–અંદરમાં આત્મવસ્તુ અચિંત્ય સામર્થ્ય-વાળી પડી છે તેની રુચિ કરે તો ઉપયોગ

સૂક્ષ્મ થઈને અંદરમાં વળે છે.

પ્રશ્નઃ—એ ખ્યાલમાં તો આવે છે પણ પરિણામ અંદર કેમ વળતાં નથી?

ઉત્તરઃ—અંદર ધ્રુવવસ્તુ ત્રિકાળી ભગવાન છે એનો મહિમા આવવો જોઈએ. જગતના બધા પદાર્થોનો મહિમા છૂટીને એક આત્માનો મહિમા આવવો જોઈએ. આત્મા જ એક અચિંત્ય વસ્તુ છે તેમ ભાસવું જોઈએ, એનું મંથન જોઈએ, મનન જોઈએ, લગની લાગવી જોઈએ. જેમ છોકરાના લગ્ન થતાં હોય ને તેની લગની લાગે છે—એમ આત્મા અચિંત્યસ્વભાવી છે એ જ લગની લાગતાં લાગતાં ઉપયોગ અંદરમાં સૂક્ષ્મ થઈને ઢળી જાય છે.

પ્રશ્નઃ—સમ્યગ્દષ્ટિને ત્રણ કષાય વિદ્યમાન છે તેને સ્વર્ગમાં દુઃખ વિશેષ છે કે નરકમાં દુઃખ વિશેષ છે?

ઉત્તરઃ—ખરેખર તો સ્વર્ગ—નરકના સંયોગનું દુઃખ નથી પણ પોતાના પરિણામ કષાયમાં જોડાય છે તેનું દુઃખ છે. નરક વધુ દુઃખનું કારણ છે એમ નથી પણ પ્રતિકુળતામાં તીવ્ર જોડાણ થાય છે તેનું વિશેષ દુ.ખ છે. જેટલું પરમાં લક્ષ જાય એટલું દુઃખ છે. તે દુઃખના પરિણામ સંયોગના લઈને થયા નથી પણ પોતાથી જ થયા છે.

* દ્રવ્યલિંગધારી વનવાસમાં રહે, શરીરના ક્લેશરૂપ અનશનાદિ અનેક પ્રકારના તપ તપે, પટુતાથી શાસ્ત્ર અધ્યયન કરે, ઇન્દ્રિયોનો નિરોધ કરે, તીર્થોની સેવા કરે, જાપ કરે, મૌન રહે પણ તેનાથી જરાય ઉપાદેયરૂપ ફળ નથી એટલે કે આત્માના ભાન વિના તે બધી ક્રિયાઓ નિષ્ફળ છે. તેનાથી કાંઈ સિદ્ધિ નથી. માટે હે ભાઈ! તું એવા ગુરુને શોધ કે જે તેનાથી અન્ય પ્રકારે એટલે કે સાચા પ્રકારે આત્માની સિદ્ધિ થવાનું બતાવે. લાખ પ્રકારના શુભભાવ ને ક્રિયાકાંડ કરે પણ તે બધા વિષકુંભ છે, આત્માના ભાન વિના સંસાર-ભ્રમણનું કારણ થશે. માટે હે ભાઈ! ક્રિયાકાંડથી ધર્મ મનાવે નહિ એવા ગુરુની તું શોધ કર કે જેનાથી આત્માનુભવ થાય અને સંસારભ્રમણ ટળે.

પ્રશ્નઃ—પર્યાય દ્રવ્યથી ભિન્ન છે તો અનુભૂતિ તે જ આત્મા છે તેમ કહ્યું છે ને?

ઉત્તરઃ—અનુભૂતિની પર્યાયમાં આત્મદ્રવ્યનું જ્ઞાન આવી જાય છે, દ્રવ્યનું સામર્થ્ય પર્યાયમાં આવી જાય છે, જેટલું દ્રવ્યનું સામર્થ્ય છે તે પર્યાયમાં જાણવામાં આવી જાય છે તે અપેક્ષાએ અનુભૂતિની પર્યાય તે જ આત્મા એમ કહ્યું છે. જો ધ્રુવ દ્રવ્ય ક્ષણિક પર્યાયમાં આવી જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય તેથી દ્રવ્ય પર્યાયમાં આવતું નથી પણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. તેથી અનુભૂતિને આત્મા કહ્યો છે.

* જે શ્રુતજ્ઞાનની વીતરાગી પર્યાયમાં આત્મા અબદ્ધસ્પષ્ટ સ્વરૂપ અનુભવમાં આવે તે પર્યાયને જિનશાસન કહે છે. જેમાં

વિકાર, અપૂર્ણતા કે ભેદ આવે તે પર્યાયને જિનશાસન કહેતા નથી. પાંચભાવ સ્વરૂપ પણ એકરૂપ આત્મા છે તે જેને અનુભવમાં આવે તેને વીતરાગી જૈનધર્મ કહે છે. વીતરાગી પર્યાય પ્રગટ થાય છે તેમાં વીતરાગી દ્રવ્યનો આશ્રય છે છતાં કર્તાપણું એ વીતરાગી દ્રવ્યનું નથી. વીતરાગ પર્યાયને વીતરાગી દ્રવ્યનો આશ્રય આવ્યો માટે એ પર્યાય પરાધીન છે એમ નથી. વીતરાગી પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર કર્તાપણે થઈને પ્રગટ થાય છે. પોતાની ધર્મપર્યાય છે તેનો કર્તા પણ દ્રવ્ય-ધ્રુવ વસ્તુ ઉપચારથી છે. આહાહા! આવી વાતો વીતરાગની છે. આ તો અંદરથી આવે છે, ભગવાન પાસેથી આવે છે. અનંતા કેવલીઓનો પોકાર છે.

* સમયસાર ગાથા ૧૧માં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી હતી, ત્યાં તો પર્યાયનો આશ્રય છોડાવવા પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહી હતી. પણ પર્યાય સર્વથા નથી જ એમ નથી. અહીં ગાથા-૧૫માં તો જેમાં અબદ્ધસ્વરૂપ આત્મા અનુભવમાં આવ્યો તે પર્યાય મુખ્ય જ છે, તે પર્યાય જૈનશાસન છે. આહાહા! મારું જે દ્રવ્ય વિકાર વિનાનું વીતરાગી તત્ત્વ છે એનું લક્ષ કરું છું ત્યાં પર્યાયમાં વીતરાગતા આવે છે. એ વેદનની પર્યાય મુખ્ય જ છે. દ્રવ્ય વેદનમાં આવતું નથી, પર્યાય વેદનમાં આવે છે એ વેદનની પર્યાય મારે મુખ્ય છે. તેને તું ગૌણ કરી નાખ એ નહિ ચાલે નાથ! પૂર્ણાનંદનો નાથ જ્યાં જાણ્યો અને અનુભવમાં આવ્યો એને ગૌણ નહીં થાય હો! એ તો તને દ્રવ્યનું લક્ષ—આશ્રય કરાવવા પર્યાયને ગૌણ કરી હતી પણ વેદન તો પર્યાયમાં મુખ્ય છે હો! ભલે દ્રવ્યનો આશ્રય કરાવવા પરિણામને ગૌણ કર્યા પણ એ પરિણામ ક્યાં જતાં રહે? એ પરિણામ અસ્તિરૂપ વેદાય તે ક્યાં જાય! આહાહા! આ તો આત્મા પોકાર કરે છે કે વીતરાગસ્વરૂપ જે મારું દ્રવ્ય છે તેનું લક્ષ કરતાં મને વીતરાગતા વેદનમાં આવે છે એ વેદન મને મુખ્ય છે.

* * *

## * વીતરાગ માર્ગ કેવો હોય? *

વીતરાગમાર્ગ તે છે કે જેમાં પ્રભુ સર્વજ્ઞ છે, વીતરાગ માર્ગ તે છે કે જેમાં જીવ અજીવના ભેદ બતાવ્યા છે, વીતરાગ માર્ગ તે છે કે જેમાં નિર્ગ્રંથ મહામુનિઓ પ્રવર્તે છે, વીતરાગ માર્ગ તે છે કે જેમાં આત્મસ્વરૂપનાં દર્શન વડે મહાસુખની પ્રાપ્તિ થાય છે, વીતરાગ માર્ગ તે છે કે જેનાં શાસ્ત્રોમાં પૂર્વાપર અવિરોધપણું છે, વીતરાગ માર્ગ તે છે કે જેમાં આદિ મધ્ય અંતમાં એક આત્માનું જ લક્ષ છે, વીતરાગ માર્ગ તે છે કે જેમાં જીવદયારૂપ ધર્મ છે, વીતરાગ માર્ગ તે છે કે જે વડે કર્મ ક્ષય કરી સિદ્ધપદ પમાય છે.

(ભૈયા ભગવતીદાસજી—બ્રહ્મવિલાસ)

## સમાચાર:—

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યા છે. બન્ને ટાઈમ પ્રવચનો તેમ જ રાત્રિચર્ચાના કાર્યક્રમો યથાવત ચાલી રહ્યા છે.

### સોનગઢમાં શિક્ષણ-શિબિરનો સુવર્ણ અવસર :—

* દર વર્ષની માફક આ વર્ષે પણ સોનગઢમાં અષાડ વદ ૧૩ શુક્રવાર તા. ૮-૮-૮૦થી શ્રાવણ વદ ૨ બુધવાર તા. ૨૭-૮-૮૦ સુધી શિક્ષણ-શિબિર રાખવામાં આવશે.

* "પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ"ના ૧૧ હજારવાળા એક બ્લોકના બાંધકામનો કુલ ખર્ચ રૂપિયા ૨૨ હજાર લાગતો હોવાથી, શ્રી નાઈરોબી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળે તેમના તરફથી ૧૦ બ્લોક બંધાવવાના રૂપિયા ૧ લાખ ને ૧૦ હજારને બદલે રૂપિયા ૨ લાખ ને ૨૦ હજાર આપવાનું જાહેર કરેલ છે.

—ટ્રસ્ટી,

પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ.

### સૂચના:-

* આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ '૮૦ થી જૂન' ૮૧ સુધીના નવા વર્ષનું લવાજમ રૂપિયા નવ શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)ના સરનામે મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપવો.

આત્મધર્મ દર માસની પહેલી તારીખે બહાર પડે છે. જેઓને અંક ન મળ્યાની ફરિયાદ હોય તેમણે ૨૫ તારીખ સુધીમાં સંસ્થાને જાણ કરવી. એથી મોડી જાણ કરનાર ગ્રાહકને જો અંક સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે.

### સાવચેતી :—

* સોનગઢના મુમુક્ષુઓને સારી રીતે જાણનાર કોઈ ગઠીયો અમદાવાદ રેલ્વે સ્ટેશનમાં મુમુક્ષુ મુસાફરોને તેમના અંગત સંબંધીના એકસીડન્ટ આદિની ઉપજાવી કાઢેલી વાતોથી ભરમાવીને પૈસા-દાગીનો પડાવે છે તથા સામાનની ચોરી કરી લ્યે છે તેમ જાણવામાં આવેલ છે. માટે આવા કોઈ પણ અજાણ્યા માણસની ખોટી વાતોથી ભરમાઈને અસાવધાન ન થવું.

## વૈરાગ્ય સમાચાર :-

* અમરેલીનિવાસી શ્રીમતી ઉમાબેન ચુનીલાલ કોઠારી ( વર્ષ-૬૦ ) તા. ૨૧-૫-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મદ્રાસનિવાસી ( હાલ-સોનગઢ ) શ્રી ભાઈલાલભાઈ ઘેલાભાઈ ( વર્ષ-૭૨ ) શ્રુત-પંચમીના દિવસે શ્રી પરમાગમ-મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સવારના પ્રવચનમાં હૃદયરોગના હુમલાથી એકાએક સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે પૌન્નૂર-હીલ ઉપર શ્રી કુંદકુંદાચાર્યના ચરણ-પાદુકા ઉપર દેરી બંધાવવામાં તેમ જ મદ્રાસના પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં ઘણા ઉત્સાહથી ભાગ લીધો હતો.

* બેંગલોરનિવાસી શ્રી ઉમ્મેદમલજી હાંસાજી ભંડારી ( વર્ષ-૭૫ લગભગ ) તા. ૨૩-૫-૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. 'પૂજ્ય શ્રી કાનજી સ્વામી વિશ્રાંતિ ગૃહ ટ્રસ્ટ'ના શિલાન્યાસની વિધિ ઉત્સાહપૂર્વક તેઓએ કરી હતી.

* સંબલપુરનિવાસી શાંતિલાલ કાળીદાસ દેસાઈ ( વર્ષ-૭૩ ) તા. ૧૮-૬-૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.


—સદ્‌ગત મુમુક્ષુઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો, વારંવાર સોનગઢ આવીને પૂજ્યશ્રીની અમૃતવાણીનો લાભ લેતા હતા. સદ્‌ગતનો આત્મા વીતરાગ ધર્મના શરણમાં આત્મોન્નત્તિ પામો એ જ ભાવના.

## * જૈન-દર્શનનો મહાન સિદ્ધાંત *

દરેક વસ્તુ પોતાના અસ્તિત્વમાં છે. શરીરના અસ્તિત્વમાં શરીર છે, આત્મા તેને અડતો નથી અને આત્માના અસ્તિત્વમાં આત્મા છે, શરીર તેને અડતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું-સ્પર્શ કરતું નથી. આ મહા સિદ્ધાંત જૈન-દર્શનનો છે. આત્મા છે તે આત્મામાં રહીને પોતાની પર્યાયને કરે છે અને શરીર છે તે શરીરના પરમાણુમાં રહીને પોતાની પર્યાયને કરે છે. કોઈ દ્રવ્યમાં અન્ય કોઈ દ્રવ્યનો પ્રવેશ થઈ શકતો નથી.

પ્રશ્ન :-ખીલી તો લાકડામાં પ્રવેશ પામે છે?

ઉત્તર :-ખીલીના પરમાણુ ખીલીમાં રહ્યાં છે, લાકડામાં પ્રવેશ થયો નથી. લાકડામાં કાંણું પડે છે તે લાકડાની પર્યાયથી થયું છે, ખીલીને લઈને થયું નથી. બન્ને વસ્તુ ભિન્ન ભિન્ન સ્વતંત્ર કામ કરે છે. બીજાને હું કરી શકું છું તે અજ્ઞાનીનો ભ્રમ છે. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે, કાંઈ જ્ઞાન અન્ય દ્રવ્યને સ્પર્શતું નથી કે અન્ય દ્રવ્યો જ્ઞાનમાં પ્રવેશતા નથી. ફક્ત જ્ઞાનનો સ્વભાવ સ્વચ્છતાનો છે તેથી જ્ઞાન જ્ઞાન સ્વરૂપે રહીને પરને જાણે છે. —પૂજ્ય ગુરુદેવશ્રી.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

જેમ કોઈ નિશાચરોના નેત્રો સ્વયમેવ અંધકારને નષ્ટ કરવાની શક્તિવાળા હોવાથી, અંધકારને દૂર કરવાના સ્વભાવવાળા દીપક–પ્રકાશાદિકથી કાંઈ પ્રયોજન નથી (અર્થાત્ દીવા વગેરેનો પ્રકાશ કાંઈ કરતો નથી). તેમ–જો કે અજ્ઞાનીઓ 'વિષયો સુખનાં સાધન છે' એવી બુદ્ધિ વડે વિષયોનો ફોગટ અધ્યાસ (આશ્રય) કરે છે તોપણ–સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે?

(શ્રીકુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા–૬૭)

જેનું મનરૂપી જળ રાગાદિ વિભાવ પરિણામો વડે ચંચળ થતું નથી તે જ નિજાત્મ–તત્ત્વનો અનુભવ કરી શકે છે, તેનાથી વિપરીત આત્મા સ્વાનુભવ કરી શકતો નથી. જ્યારે સરોવરનું પાણી સ્થિર હોય છે ત્યારે તેની અંદર પડેલ રત્ન અત્યંત સ્પષ્ટ દેખાય છે તેવી રીતે મનરૂપી જળ સ્થિર થતાં આત્માનો સાક્ષાત્કાર થાય છે. (શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર)

વીતરાગી મહાત્માને એવા કોઈ પરમાનંદની પ્રાપ્તિ થાય છે કે જેની પાસે ત્રણ લોકનું અચિંત્ય ઐશ્વર્ય પણ તૃણ સમાન ભાસે છે.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)

જે મનુષ્ય કોઈ બીજા મનુષ્યદ્વારા ક્રોધને વશ થઈને પગથી માંડીને મસ્તક સુધી ચારે તરફ દુઃખદાયક દઢતર દોરડાઓથી જકડીને બાંધી દેવાયો હોય તે તેમાંથી કોઈ એક પણ દોરડું ઢીલું થતાં સુખનો અનુભવ કરે છે, તો પછી જે સિદ્ધ જીવ બાહ્ય અને અભ્યંતર બન્નેય બંધનોથી રહિત થઈ ગયા છે તેઓ શું સદા સુખી નહિ હોય? અર્થાત્ સિદ્ધ ભગવાન સદા સુખી છે. (પદ્મનંદિપંચવિંશતિ, સિદ્ધસ્તુતિ, શ્લોક–૯)

## ✿ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ ✿

૧૧૭૪ શ્રી જયવંત અમૃતલાલ મેઘાણી મલાડ
૧૧૭૫ ,, દિનેશચંદ્ર અમૃતલાલ મેઘાણી ,,
૧૧૭૬ ,, ભરતભાઈ સુંદરલાલ શાહ મીઠાપુર
૧૧૭૭ ,, જસુભાઇ કે. કામદાર અમદાવાદ
૧૧૭૮ ,, ધીરજલાલ ટી વસા કલકત્તા
૧૧૭૯ ,, જગદીશ લોદરીયા મુંબઈ
૧૧૮૦ ,, મીઠાલાલ હેમચંદ કોટડિયા ઝીંઝવા
૧૧૮૧ ,, ચંદુલાલ પોપટલાલ કોટડીયા વોટાદ
૧૧૮૨ ,, સુશીલાબેન ચીરંજીલાલ મહેતા સીકંદરબાદ
૧૧૮૩ ,, રતિલાલ મોહનલાલ ઘીયા રાજકોટ
૧૧૮૪ ,, રતિલાલ ચતુરભાઈ અજમેરા ઘાટકોપર
૧૧૮૫ ,, લત્તાબેન જયંતિલાલ દોશી ,,
૧૧૮૬ ,, રતિલાલ મોતીચંદ દોશી પોરબંદર
૧૧૮૭ ,, અમૃતલાલ ધરમશી ,,
૧૧૮૮ ,, ગીરાબેન નાણાવટી વીલેપાર્લા
૧૧૮૯ ,, રમણિકલાલ એ. કોઠારી મુંબઈ
૧૧૯૦ ,, નરેશકુમાર જેઠાલાલ શાહ મલાડ
૧૧૯૧ ,, શીલંશકુમાર વિષ્ણુરાવ આપડે બોરીવલી
૧૧૯૨ ,, કાંતિલાલ ગોરધનદાસ શાહ મલાડ
૧૧૯૩ ,, મુકેશ એમ. જોબાલિયા મુંબઈ
૧૧૯૪ ,, સોહનરાજ બોહરા ,,
૧૧૯૫ ,, કિરીટ સી. ઝોબાળિયા વીલેપાર્લા
૧૧૯૬ ,, અરુણ સી. શાહ ગોરેગાંવ
૧૧૯૭ ,, કસ્તુરીબેન ચંપકલાલ સંઘવી મલાડ
૧૧૯૮ ,, જયંતિલાલ ઉજમશી મધીયા અંકલેશ્વર
૧૧૯૯ શ્રી રમણીકલાલ માણેકચંદ કામદાર બોરીવલી
૧૨૦૦ ,, નેમચંદ કેશવલાલ ગાંધી તલોદ સ્ટેશન
૧૨૦૧ ,, મહેન્દ્ર એચ. શાહ રાજકોટ
૧૨૦૨ ,, કિરીટ એચ. શાહ શાંતાક્રુઝ
૧૨૦૩ ,, મહેન્દ્રકુમાર ચત્રભુજ શાહ મલાડ
૧૨૦૪ ,, ચંપાબેન રસીકલાલ અમદાવાદ
૧૨૦૫ ,, કનુભાઈ હજારીમલ દાહોદ
૧૨૦૬ ,, લાલજીભાઈ ગોવિંદભાઈ પટેલ બોરીવલી
૧૨૦૭ ,, શીવલાલ ત્રિભોવન ગાંધી સોનગઢ
૧૨૦૮ ,, અનતરાય શીવલાલ ગાંધી મલાડ
૧૨૦૯ ,, અતુલકુમાર જે. ગાંધી દાહોદ
૧૨૧૦ ,, હીમતલાલ વૃજલાલ મહેતા બોરીવલી
૧૨૧૧ ,, રેવાબેન ખેતશીભાઈ વાંકાનેર
૧૨૧૨ ,, અમૃતલાલ પદમશીભાઈ શાહ વાંકાનેર
૧૨૧૩ ,, કાંતિલાલ શીવલાલ ગાંધી માટુંગા
૧૨૧૪ ,, કાંતિલાલ પરશોત્તમ ગાંધી મલાડ
૧૨૧૫ ,, સુંદરલાલ પરશોત્તમ સોની પાટણ
૧૨૧૬ ,, સવાઈલાલ નાનચંદ શેઠ ઘાટકોપર
૧૨૧૭ ,, વનેચંદ ખેતશી શેઠ ,,
૧૨૧૮ ,, છોટાલાલ ભીખાલાલ મહેતા મુંબઈ
૧૨૧૯ ,, વિજયકુમાર લહેરચંદ દોશી મુલુંડ
૧૨૨૦ ,, ભારતી બી. ભાયાણી યુ. એસ એ.
૧૨૨૧ ,, દિલિપ પી. કામદાર મુંબઈ
૧૨૨૨ ,, ગીરીશચંદ્ર દુર્લભજી ટીંબડીયા કાંદીવલી

**આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/=** [ક્રમશઃ]

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૨૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦]